મણીબાળા પદમાળા.

પંચાયતન દેવ ભકતોને માટે

બનાવનાર

દેશી વઈદ મણીલાલ લલુભાઈ

છપાવી પ્રસિદ્ધ કરનાર

પંડયા પ્રલાદજી મુળેશ્વર

રેઠા. નારાયણ બેચર.

અમદાવાદ

માણેકચોક આગળ કાગદીઓળની સામે
શા. હીરાભાઈ પુંજાસાના મકાનમાં
'અમદાવાદ ટાઈમ્સ' પ્રેસમાં
શા. કાળીદાસ સાંકળચંદે છાપ્યું.

સંવત ૧૯૪૪ સને ૧૮૮૮

કીમત આઠ આના.

अर्पण पत्रिका.

त्रोटका न्वय संभूत शंकराचार्य विश्रुतः ॥
राजराजेश्वरः साक्षात् तमहं हृदि चिंतये ॥ १ ॥
ज्योतिर्मठ स्याधिपती राजराजेश्वरा भिधः ॥
तदा ज्ञाया कृतो ग्रंथो बुद्धि मद्भिः प्रगीयतांम ॥

3450

મણીબાળા પદમાળા.

રાગ શોહણીનો ગરબો.

શેવો શેવો આરાસુરી આઈરે, અંબેમાતુરે;
એને વખાણી વેદની માંહીં, જુગ ઘણી ખ્યાતરે; ટેક
જેના નામે પ્રલય પાપ નાશરે, આરાસુર આઈરે;
પ્રેમે ભજે તેની પુરે આશ, કરે સુખ દાઈરે. ૧
મન વાંચ્છિત ફળ દેનારરે, આદ્ય ભવાનીરે;
મહિસાસુર મર્દની સાર, પાપ હરવાનીરે. ૨
એનો મહીમા તે દુર અઘાતરે, પાર નવ પામેરે;
આપે ભક્તિ મુક્તિ સ્વધામ, સૌ દુખ વામેરે. ૩
શેષ મહેષ ધરે જેનું ધ્યાનરે, આરાસૂર વાળીરે;
જળ સ્થળે વ્યાપ્યાં છો માત, અંબા દયાળીરે. ૪
સ્થાવર જંગમ સચરાચરરે, માજી વ્યાપ્યાંરે;
કીધો દુષ્ટોનો સંધાર, ભક્ત દુઃખ કાપ્યાંરે. ૫
જેવું કારણ તેવું રૂપરે, અંબા ધારોરે;
કરો ભક્ત તણું પ્રતિપાળ, દુષ્ટને મારોરે. ૬
તુ છે પુરૂષ પ્રકૃતિ જાંણુરે, વખાણે વેદરે;
અંબા વિષ્ણુ એકજ રૂપ, નહીં કાંઇ ભેદરે ૭

ભેદ ગણે તાહારામાં જેહરે, તેતો પાપીરે;
તુછે ગો બ્રાહ્મણ પ્રતિપાળ, સર્વવ્યાપીરે. ૮
અંબા અધમ તણી આધારરે, ગબર વાળીરે;
લેતી ભકત તણી સંભાળ, અમૃત દ્રષ્ટ ન્યાળીરે. ૯
જયાં જયાં ભજન સ્મરણ થાયરે, ત્યાં તહારો વાસરે;
હોય દુષ્ટ અધમ ઘણા જયાંહ, કરે તેનો નાશરે. ૧૦
એવો અંબા જો ખાંડાધારરે, તેજ ભરપુરરે;
માજી નિરાકાર સ્વરૂપ, ભાતિ નથી સૂરરે. ૧૧
નવ વખાણાય તહારૂ રૂપરે; દ્રષ્ટે ન્યાહાળીરે;
શાહસ્ર ફણા તે પામે હાર, આરાસૂર વાળીરે. ૧૨
તુતો અખંડ જોત પ્રકારારે, ઇચ્છા શક્તિરે;
કીધો મનોમય વિચાર, તૂ અવયક્તિરે. ૧૩
કરૂ પૃથ્વી તણું મંડાણરે, મનમાં ધાર્યુંરે;
શ્રષ્ટિ કરૂ હવે ભરપુર, એમ વિચાર્યુરે. ૧૪
કીધો મનમાં એવો ઇચ્છાયરે, શકિત એવરે;
પોતે માયા થકી નીરધાર, નિપજાવ્યા દેવરે. ૧૫
બ્રહ્મા વિષ્ણુ ને રૂદ્ર જાંણરે, ત્રણ કહેવાયરે;
કહેતા અંબાને લાગો પાય, શિ આજ્ઞાયરે. ૧૬
તવ કહેતાં ઇચ્છા શકિત વાણરે, સુણો ત્રણ દેવરે;
હવે શ્રષ્ટિ કરો ભરપુર, તમે તો એવરે. ૧૭
ત્યારે પુછેછે લાગોને પાયરે, કરૂણા લાવોરે;

કેમ રચુ શ્રષ્ટિ મોરીમાત, અમને બતાવોરે. ૧૮
તવ આદ્ય શક્તિ નિરધારરે, દયા લાવીરે;
કીંચિત તેજ તે કેરી માંહ, શ્રષ્ટિ બતાવીરે. ૧૯
તવ દેવ કરે વિચારરે," પૃથ્વિ કેમ રહેશેરે;
નથી આધાર આપણો પાસ, ભાર કોણશાહેશેરે. ૨૦
એમ વિચાર કરતા મંનરે, ત્રણે દેવરે;
પુછે અંબાને તતક્ષેત્ર, કરી ઘણી શેવરે. ૨૧
માજી નથી પૃથ્વિને આધારરે, કહો કેમ કરીયેરે;
કેમ રહેશે જળની માંય, ધ્યાન તહારૂ ધરીએરે. ૨૨
ત્યારે ઇચ્છા શક્તિ મંમાયરે, હસ્ત ત્યાં ધરીયોરે;
પૃથ્વિ મુકવા કેરે કાજ, કુર્મ ત્યાં કરીયોરે. ૨૩
કૂર્મ ઉપર મુકયા શેષરે, શાહસ્ત્ર ફણાકારીરે;
તેના મુસ્તક ઉપર દેવ, પૃથ્વી ધારીરે. ૨૪
ત્યારે ડગોયાંછે પૃથ્વિ માતરે, દેત્ર વિચારેરે;
આદ્ય શકિત અંબા માત, ઘણું સંભારેરે. ૨૫
તત્ર મુકયો મેરૂ અંબાયરે, ધરા મધ્ય માંહીરે;
તોયે ધરા હાલે અપાર, શું કરે આઇરે. ૨૬
દશ દિશા રૂદ્રો અંબાયરે, પોતે ત્રતકાળરે;
દશ દિશાએ બેસાડયા માત, દશ દિગપાળરે. ૨૭
એમ કર્યું પૃથ્વિ મંડાણરે, આદ્ય ભવાનીરે;
હવે ત્રણે દેવને ત્યાંય, શી આજ્ઞા થવાનીરે. ૨૮

તમો સૂણો વિષ્ણુજી વાતરે, કહુ ત્રતકાળરે;
તમો કરો શ્રષ્ટિનું આંય, હવે પ્રતિપાળરે. ૨૯
બ્રહ્મા પ્રજા કરો ઉત્પંનરે, રૂદ્ર સંધારરે;
એવી અકળ લીલા અંબાય, નવ આવે પારરે. ૩૦
ગાય ઈચ્છા શક્તિના ગુણરે, નર ને નારરે;
તેને મન વાંચ્છીત ફળ થાય, આપે ફળ ચારરે. ૩૧
પ્રેમે ગાશે તે ગાથા જેહરે, મોક્ષ તને મળશેરે;
તેના કોટી જનમનાં પાપ, શાહેજમાં ટળશેરે. ૩૨
મણીરામ દેવિનો દાસરે, નિત્ય ગુણ ગાયરે;
અંબા જાંણી તે દાસનો દાસ, રાખો શર્ણા માંયરે. ૩૩
ગાયો ગરબો તે પુરણ પ્રેમરે, ધરી મન આશરે;
સંવત ઓગણી છતરોની સાલ, વેશાખ માસરે. ૩૪
શુભ સપ્તમીને રવીવારરે, કરૂણા કીજેરે;
મુને જાંણી તે દાસનો દાસ, સેંણુ લીજેરે. ૩૫

ગરબો ૨ જો.

લાગુ સરસ્વતીને પાયરે, શુભ વાણી માગુરે;
આપો નીર્મળ જશ મોરી માય, પાવલે લાગુરે. ટેક
જાણી દાસનો દાસ ગુલામરે શરણે રાખોરે;
આપો અવીચળ વાણી માત પોતાનો દાખોરે. ૧

ગાઉ આરાસુરી શોભાયરે હેત પ્રમાણીરે,
દિન દયાળી અંબે માત જુગમાં જાણીરે. ૨
તમો વસ્યાં આરાસુર માંયરે આદ્ય ભવાનીરે,
મ્હારી ઇચ્છા થઇ મોરી માય ગરબો ગાવાનીરે. ૩
ગઢ ત્રીસુળીયાનો માંયરે આરાસુર ગામરે;
આદ્ય શક્તિ વસ્યાં તે ઠામ અંબા જેનું નામરે. ૪
આરા પારા નગર આરાસુરરે, ચાર યુગ કેરૂરે,
મધ્યે બીરાજ્યાં અંબે માત શીખરબંધ દેહેરૂરે. ૫
તેની શોભા તણો નહી પારરે ઘણું રસાળરે,
શિખર સોના તણું સોહાય ઉડે રૂમાળરે. ૬
ધર્મશાળા છે ચારે પાસરે દેવી દયાળરે,
સામી વાવ્ય કલોદર કહેવાય ભૈરવ ભુપાળરે. ૭
વાજે ત્રંબાળુ નોબત સારરે ઘડી ઘડી ત્યાંયરે,
શેનક જાચે માને અપાર સનમુખ માયરે. ૮
માની અકળ કળા કહેવાયરે ભેદ ગુણ અતીરે,
ભુલા પડે બ્રહ્માને મહાદેવ જોગી ને જતીરે. ૯
વિષ્ણું ધરેછે માનું ધ્યાનરે બ્રહ્મા મહાદેવરે,
નારદ વેણા તે નીત્ય નીત્ય વાય દેવ કરે શેવરે. ૧૦
ઇચ્છા શક્તિનું અકળ સ્વરૂપરે ચાર યુગ રાણીરે,
મંમાયા જગતી જોત વેદે વખાણીરે. ૧૧
માટે શેવો આરાસુરી આધરે આદ્ય ભવાનીરે,

અર્થ કામ ને મોક્ષ દેનાર મુક્તિ થવાનીરે. ૧૨
એતો ત્રીભોવન પાલણહારરે એકળ સ્વરૂપેરે,
દીન મધ્યે દયાળી માત ધરે ત્રણ રૂપરે. ૧૩
પ્રાતઃસ કાળે તે ભકત જંનરે દરસન ચાલોરે,
બેઠા સીંઘાસન પર માત બાળા રૂપે ન્યાહાળોરે. ૧૪
જુવો મધ્યાને માનુ સ્વરૂપરે ભયંકર કાળીરે,
કીધી સ્વારી સીંહની જાણુ લીધુ ખડગ ઝાલીરે. ૧૫
સાયંકાળે ઉમાં અંબે માતરે વૃધ સ્વરૂપેરે,
કરે પ્રલય પાપનો નાશ ત્રીભોવન ભુપેરે. ૧૬
થાય ત્રીકાળ પુજા નિત્યરે અંબા કેરીરે,
ગાય ગરબાને સુભ છંદ અંબાના લહેરીરે. ૧૭
રમે ગરબો તે ચાચર ચોકરે માના ગુણ ગાયરે,
અંબા દરસન કરવા કાજ સરોવર નાહાયરે. ૧૮
પછે કરે ગંગાનું સ્નાનરે પાપ કરવા નાશરે,
કરે દરસન અજાઈ માત પુરે તેની આશારે. ૧૯
ત્યાંથી અર્ધ કોસપર જાયરે ઝાડીમાં એવરે
જયાં બેઠા ત્રીલોકી નાથ કોટેશ્વર મહાદેવરે. ૨૦
તેનાં દરશન કરીયે સારરે ઉલટ ના માયરે,
ત્યાંથી સૌ લોકતો વળી જાય ગબ્બર માંયરે. ૨૧
શિતળ કરવા પોતાના તંનરે કરે જાતરરે,
જયાં બેઠાંછે અંબે માત નવરાતરરે. ૨૨

ફરી દરશન ગબર સારરે પાછાં આવેરે,
ઘણા હેતે ચાચર ચોક માને વધાવેરે. ૨૩
પ્રેમે લાગે તે સર્વે લોકરે, માને પાયરે,
મણીરામ દેવીનો દાસ, નિત્ય ગુણ ગાયરે. ૨૪
વસે રાજનગર એક શાહેરરે, ગુજરાત માંહીરે,
તે તો દાસનો દાસ કહેવાય, શર્ણુ રાખો આઇરે. ૨૫
કીધો ગરબો તે પુરણ તાસરે, વૈશાક માસેરે,
સંવત ઓગણી છતરીની સાલ પુરો મન આશરે. ૨૬
શુભ સપ્તમીને રવીવારરે, માના ગુણ ગાયારે,
શર્ણુ રાખજો દાસનોદાસ, તમો મંમાયારે. ૨૭

ગરબો ૩ જો.

બાંહી બાળાનો ઝાલો બાઇરે, મુકિત થાશોરે;
કળયુગમાં દેવિ સુખદાઇ, કોલમોશા જાશોરે. ટેક
હરે ત્રીવિધ કેરા તાપરે, ભજન પ્રતાપેરે;
દયા કરે તે દેવિ આપ સહુ શિદ્ધિ આપેરે. ૧
તેથી શેવો બાળા ત્રીપૂરારરે મમતાને છાંડીરે,
પડ્યો પ્રત્યક્ષ કલીયુગે સાર જુવો અંબા મોડીરે. ૨
પડ્યું દેવને જયારે દુઃખરે, સમર્યાં દેવિરે,
પ્રગટ થઇને આપ્યુ સુખ, શાય કરિ દેવિરે ૩
દીધી દાનવ ઉપર દાટરે ત્રીશુળ ફરસી ધારોરે,

ક્રોધ કરી કાળીયે અહી કોટ નાખ્યો ભુર મારીરે. ૪
એમ પ્રાક્રમ ચરિત્ર અપારરે મંમાયા કેરાંરે,
દેખો દયાળી બાળા ત્રીપુરાર સલખનપુર રેહેરાંરે. ૫
અને શેવોને સાણા જંનરે મનોરથ ફળશેરે,
સોંપો બાળાને તંન મંન સહુ શિદ્દિ મળશેરે. ૬
જુવો ભટ વલભે શેવિરે કાજ તેનાં સરીયાંરે,
પુર્યા મનોરથ તેના દેવિ માજી આપે મળીયાંરે. ૭
કીધો ઘોડીનો ઘોડો દયાળરે બહુચર બાઈરે,
નારીનો નર કર્યો તતકાળ કળયુગ માંહીંરે. ૮
એક મલેછ અસુર ભુપરે હપરો પ્રચંડરે,
દેતો દુઃખ હિંદુને અનુપ દેવ દેવળ ખંડરે. ૯
એણે દેવળ ભાગ્યાં અપારરે સઘળે ફાવ્યોરે,
છેવટ સલખનપુર મોઝાર અસુર આવ્યોરે. ૧૦
આવી કીધો અસુરે મુકામરે તંબુ તાણ્યારે,
માના કુરકટ તેણે ઠામ ભક્ષ કરવા આણ્યારે. ૧૧
ભક્ષ કર્યા કુરકટ અપારરે પાપી અસુરરે,
હિંસા કરે અતિ ઘણી સાર પાપીયા પુરરે. ૧૨
એવે થયો છે સાયંકાળરે સુતા સાક્ષાતરે,
રહી પાછલી પહોર તે કાળ તીમીર રાતરે. ૧૩
એક મરઘો બોલ્યો છે ત્યાંયરે ગરજી નેટરે,
ભક્ષ કર્યાતા કુરકટ કાય વચ્ચા અસુર પેટરે. ૧૪

ઉજર ફરૂડી નિકળીયા બાહારરે માયે કરી રીશરે,
નાઠો મલેછ ત્રાસે અપાર નામીને શીશરે. ૧૫
સાચા દેવ હિંદુના માતરે એમે મુઢ ચુકયારે,
નાસે ત્રાસે સ્વાસે સાક્ષાત દેવળ પડતાં મુકયાંરે. ૧૬
એનો પ્રત્યક્ષ પારો આઈરે કળયૂગ વીશેરે,
શેવો મેવો એવો સુખદાઇ અંતર હિષેરે. ૧૭
જપુ મંત્ર મંત્ર સુખ ભેરરે ઠીલમીષ હરેવારે,
દાસ મણીરામ પર ધરો મહેર ચહાય માને મળવારે. ૧૮

ગરબો ૧ લો.

શર્ણે રાખો મને સાંભવી હો બહુચરી લાગુ તે પ્રેમે પાય,
દયા તે દીન પર લાવવી હો બહુચરી કરૂણા કરો મંમાય. ટેક.
શર્ણે શેવકને રાખીયે હો બહુચરી હું છું ચરણનો દાસ,
દયાળી દીનને દાખીયે હો બહુચરી ઇચ્છુ ચરણ નિવાસ. ૧
આ દુનીયામાં ડુબતાં હો બહુચરી આવી તે ઝાલો હાથ,
મારે મન માજી ખુપતાં હો બહુચરી અવર ના ઇચ્છુ માત. ૨
દયાળી દોષ જોશો નહીં હો બહુચરી હું છુ તમારો રાંક,
ક્ષમા કરો શક્તિ સહી હો બહુચરી હોય દાસનો વાંક. ૩
મંમાયા મને મેહેરથી હો બહુચરી કૃપાળી કરો પાવંન,
પાળો પાપી આ પેરથી હો બહુચરી ઉગારી લ્યો ખાવંન ૪
જેવો તેવો આણી મુજને હો બહુચરી કષ્ટ મહારૂ નિવાર,

આ જગમાં આ અનુજને હો બહુચરી અવર નથી આધાર. ૫
તારનાર તુ ત્રીભોવન તણી હો બહુચરી વેદ પૂરાણે શાખ,
રાખો સેવક શર્ણે ધણી હો બહુચરી પંગુળની છો પાંખ. ૬
માર્કંડે સેવી પ્રેમથી હો બહુચરી પુરી તેં તેમની આશ,
મંત્ર જંત્ર જપ્યો નેગથી હો બહુચરી વિશ્વામીત્રે તાસ. ૭
ગાયત્રી રૂપે જપી તુને હો બહુચરી થયાં તમે પરસંન,
વરદાન દીધું તેહને હો બહુચરી કીધો બ્રંહ્મ પાવંન ૮
મનસા વાચાથી જે જપે હો બહુચરી તેનું કરતાં કલ્યાણ,
દુષ્ટ ખપર વિષે ખપે હો બહુચરી વિમૂખ તહારા જાણ. ૯
શૂંભ નિશૂંભ તેં રોળીયા હો બહુચરી કરી જ્યારે દૂરમત્ય,
ચાંચણ વત દેવિ ઓળીયા હો બહુચરી ચંડ મૂંડ ભૂપત્ય. ૧૦
મહીશાસુર માર્યો દુરમતિ હો બહુચરી શાહસ્ર ભુજાયે અનુપ,
નિજ જન ઉગાર્યા તેં સતિ હો બહુચરી ધારી અનેક જરૂપ. ૧૧
પ્રત્યક્ષ પારો માતનો હો બહુચરી નિશ્ચે કીધું મેં મંન,
વિશામો તુ છે વાતનો હો બહુચરી શર્ણે રાખો નિજ જંન. ૧૨
કાલીદાસે સેવી જ્યાહરે હો બહુચરી પ્રસન થયાં તમે માત,
માઘ કવિ કીધો તાહરે હો બહુચરી જંગમાં જે વિખ્યાત. ૧૩
જયદેવ નિજ જંન જાણીયો હો બહુચરી પૂર્યો હૃદયે વાસ,
મૂંઢ મતિનો હતો પાંહાણીયો હો બહુચરી કવિતા કીધી તાસ. ૧૪
ભટ વલ્લભ શર્ણે રાખીયો હો બહુચરી જાણીને નિજ જંન,
મંત્ર જંત્ર તંત્ર દાખીયો હો બહુચરી થયાં માજી પરસંન. ૧૫

વરદાન દીધું દયા ધરી હો બહુચરી તુજ પહેલો એ ગવાય,
સાહ શાંભવિ ધણી કરી હો બહુચરી ટાળ્યાં વિઘંન મંમાય. ૧૬
ઘણાં દયાળી માત છો હો બહુચરી વશ્યાં ક્ષેત્ર સુંવાળ,
વેદ પુરાણે ખ્યાતછો હો બહુચરી શેવકની લેતાં સંભાળ. ૧૭
પ્રેમે પૂજે તાહારી પાવટી હો બહુચરી અર્પે પુષ્પને પાત્ર,
ચતુષ્ટ ચર્ણ માવટી હો બહુચરી અરપતાં શુદ્ધ ગાત્ર. ૧૮
સપ્તમે સ્વર્ગને તે ધણી હો બહુચરી પ્રસંન તુ અનહદ.
પૂર્ણ પૂર્ણાહૂતિ ગણી હો બહુચરી આપો ચરણ નિજ સ્ઘ. ૧૯
અનુભવ એ નિશ્ચે ગણ્યો હો બહુચરી પૂજન પધતિ શ્રેષ્ટ,
પધ્ધ કૃતિથી જે બણ્યો હો બહુચરી પાપી તે ગણવો નેષ્ટ. ૨૦
અષ્ટાંગ યોગ્ય ઉપાસથી હો બહુચરી શેવે જે તારા ચર્ણ,
કોટી વિઘન ટળે પાસથી હો બહુચરી ટળે જરાને મર્ણ. ૨૧
જંત્ર તંત્ર મંત્ર યંત્રથી હો બહુચરી થાવો દાસને પરસંન,
કલિમલ હરતાં તંત્રથી હો બહુચરી જાણોને નિજ જંન. ૨૨
મૂળ ઉપાસ મન આણીને હો બહુચરી માગે શરણ નિજ ધામ.
શેવે શકિત સાર જાણીને હો બહુચરી પુરે મનોરથ કામ. ૨૩
માટે શેવો શાણા અંમથી હો બહુચરી ત્રીલોકનું જે તત્વ
ડુબો તમે વિભ્રંમથી હો બહુચરી જાણો અષ્ટિનું સત્વ. ૨૪
શેવે શકિત દાસ તાહરો હો બહુચરી પામવાને નિજ ધામ,
કર ઝાલો દેવિ માહરો હો બહુચરી કરગરે છે મણીરામ. ૨૫
ભટ મેવાડો તાહારે બામણ હો બહુચરી અરજી ધરજો કાન,

દાસનો દાસ તું જાણુને હો બહુચરી છો મા કરૂણાવાન. ૨૯

ગરબો ૨ જો.

શાય કરો શક્તિ જુગે હો બહુચરી શેવક સુરતે આય.
દિનતાવડે જપુ તુને હો બહુચરી કરૂણા કરો મંમાય. ટેક.
જાચુ જનુની જાણીને હો બહુચરી પ્રાહ્મ અર્થાની રાખો લાજ;
જંત્ર મંત્ર જપુ માણીને હો બહુચરી શાસ્ત્ર વિધિ સમાજ. ૧
ક્રોધ દોષ જાણું નહી હો બહુચરી ભકિતની જાણું ના પેર,
નામ આધાર જપુ સહી હો બહુચરી મંમાયા કરજો મહેર. ૨
દિન દાસ હું તાહરો હો બહુચરી મહારી લેજો સંભાળ,
ઠર ઝાલો દેવી માહરો હો બહુચરી દિન તણા છો દયાળ. ૩
ભય ભાગ્યો આ જદતનો હો બહુચરી શેવકને થઇ શાય.
વાળો બીરદ આ ભકતનો હો બહુચરી મહેર કરી મંમાય. ૪
સાચી સલખનપુરી શોવેને હો બહુચરી નિત્યાર્ચન કરૂ માત,
પૂજા અર્ચૂ પ્રેમે દેવિને હો બહુચરી શાહ્ય કરો શાક્ષાત. ૫
વિમૂખથી દૂર અતિ હો બહુચરી કુટિલ જગમાં જેહ,
કરે પીડા પાપી દુર્મતિ હો બહુચરી છેદન કરજો એહ. ૬
ભાવે ભવાનો ભાળોને હો બહુચરી હરજો ભકતનો શોક,
દૂર મુકો દેવિ ટાળીને હો બહુચરી પુરણ પાપી લોક. ૭
મંદમતિ માને નહી હો બહુચરી આચરે ઘણો અધર્મ;

ત્રીપુરા ભક્ત નિંદે સહી હો બહુચરી કરે કૌલમીશના કર્મ. ૮
છાંડે છેક સ્વધર્મને હો બહુચરી અન્યાય વરતે છેક,
નિમ નહીં કુકર્મને હો બહુચરી ત્રીપૂરા પર નહી ટેક. ૯
એવા અધર્મિ છે ઘણા હો બહુચરી ડરીયે તેથી જાણ,
નિંદે ચરણ તે આપણા હો બહુચરી વ્યાપેલુ અજ્ઞાન. ૧૦
દુર રાખો એવા થકી હો બહુચરી મન મ્હારૂ મુઝાય,
સાંભળી શર્ણ રાખો નકી હો બહુચરી શેવકને કરી સાય. ૧૧
મમ આધાર તુ જાણીયે હો બહુચરી શેવકનો પ્રતિપાળ.
શરણે શેવકને તાણીયે હો બહુચરી દિન તણા દયાળ. ૧૨
ઝાંખો જનુનો જોખમાં હો બહુચરી અવર નથી આધાર,
મન માન્યું મારૂ ગોખમાં હો બહુચરી શર્ણ લ્યો નિરધાર. ૧૩
સ્તુતિ કરૂં હું પ્રેમથી હો બહુચરી આધીન તહારો દાસ,
મંત્ર જંત્ર જપુ નેમથી હો બહુચરી રાજગનરમાં વાસ. ૧૪
વાચ્છસ ગોત્ર નિજ જંનનુ હો બહુચરી વિક્ષાત યજુર્વેદ,
શાખા છે માદયત તનું હો બહુચરી ત્રીપરવરનો ભેદ. ૧૫
ભટમેવાડો ભાવથી હો બહુચરી ગુણ ગાયત્રીના ગાય,
ત્રીપદા જપે સહાવથી હો બહુચરી સાંક્ષાયન ગોત્રે માય ૧૬
હંસ વાહની એ માવડી હો બહુચરી રંતૂર જેનાં વક્ર,
માણ્યાનું લેપન પાવડી હો બહુચરી ધ્યાન ધરે જેનું શાક. ૧૭
રકત વસ્ત્ર તુ ધારણી હો બહુચરી સુખવતિ સૂખ ધામ,
જાપ જપુ કલ્યાણ કારણી હો બહુચરી શેવક તહારો મણીશામ ૧૮

ચિરંજીવિ બાળાતણો હો બહુચરી લહું સુત કહેવાવું,
પ્રેમ પરમેશ્વરી છે ઘણો હો બહુચરી આધિન તાહારે થાવું. ૧૯

ગરબો ૩ જો.

પૂજુ પારવતિના પૂત્રને હો બહુચરી ગણપત લાગવું પાય,
આવુ બાળાના શૂત્રને હો બહુચરી વિઘન દુર પળાય. ૨૦
અશ્વિન સૂકલ પક્ષમાં હો બહુચરી આનંદ વર્તો માત,
ચોસેઠ દેવિ અષ્ટપક્ષમાં હો બહુચરી ત્રીપૂરા છો શાક્ષાત. ૧
નવરાત્રી નવ રંગમાં હો બહુચરી ધૂપ દીપ દરશન થાય,
નવદૂર્ગાના સંગમાં હો બહુચરી ચાચર ગરબા ગાય. ૨
શેવક તાહારા સુરતે ભજે હો બહુચરી હેયે તે ધારી હેત,
નવરાત્રિના પૂજન સજે હો બહુચરી અતિસે પ્રેમ સમેત. ૩
પડવે તે પૂરણ પ્રેમથી હો બહુચરી જાચીને નીજ જંન,
પુજન અર્ચે નેમથી હો બહુચરી કરે તહારૂ સ્થાપંન, ૪
બીજે બાળા બાંહી ઝાલજો હો બહુચરી શેવક જાચે અપાર,
પક્લો ઝાલ્યો તો પાળજો હો બહુચરી અવર નથી આધાર. ૫
ત્રીજે ત્રિભોવન તારણિ હો બહુચરી ત્રીપદા શાક્ષાત,
અર્પૂ પુષ્પને વારૂણિ હો બહુચરી કરો કરૂણા માત. ૬
ચોથે ચતૂસ્પદા જાણીએ હો બહુચરી પ્રણવ ન્યાસ ઉપાસ
પ્રક્ષાલન પ્રમાણીયે હો બહુચરી કરીયે શંગ ન્યાસ ૭

પંચમી પુજન પ્રેમથી હો બહુચરી માનો તમે મંમાય
બિજ મંત્ર આરાધિયે હો બહુચરી શેવકને કરો શાય ૮
શષ્ટિયે શેતુ શાંભવી હો બહુચરી કાત્યાયનિ શાક્ષાત
ત્રીગુણાન્તર મેં અનૂભવિ હો બહુચરી વેદ તણીછો માત ૯
સપ્તમિ સપ્તધા ઘણો હો બહુચરી કરૂં હુતો નમસ્કાર
જાચુ જનુનિ જન બણિ હો બહુચરી ચઢજો મારી વાર ૧૦
અષ્ટમ પાત્ર ઉપાસતાં હો બહુચરી શુદ્ધિ થાય શરીર
આહૂતિ અગ્નિ ગ્રાસતાં હો બહુચરી શષ્ટંમ સાધો ધીર ૧૧
નુવમં પૂર્ણ માહેશ્વરા હો બહુચરી પુરણ પદને પાત્ર
પૂર્ણાહુતિ પ્રેમે ધરી હો બહુચરી હરજો કીલમીશ માત્ર ૧૨
દશમિયે દિન દાસછું હો બહુચરી કરજો મને કરૂણાય
હું તો ચરણ રજ પાસછુ હો બહુચરી શાંકરી થાજો શાય ૧૩
એકાદશી અધિકારથી હો બહુચરી જપુ જનુની જાપ
ભય ટાળ્યો બ્રહ્મ ભારથી હો બહુચરી જંત્ર યંત્રનું કર્યું આપ ૧૪
દ્વાદશી દ્વિંદ લહૂ હો બહુચરી બ્રહ્મને એ અધિકાર.
અધિકારછે એટલો કહુ હો બહુચરી જેને છે સંસ્કાર ૧
ત્રયોદશા ત્રીલોકમાં હો બહુચરી વ્યાપી રહયાં ભરપૂર;
સુર મુનિ શેવે જોખમાં હો બહુચરી જાણો જનુની જરૂર ૧૬
ચતૂરદશી ચિત્ત ચોટિયૂ હો બહુચરી આપો ચરણ શેવાય;
મંમાયા મન લોટીયૂં હો બહુચરી અંબાજી કરજો શાય ૧૭
પુનમે પરણું પ્રમથી હો બહુચરી ભકત પર રાખી ભાવ

શર્ણે શેવક રાખ્યો નેમથો હો બહુચરી હિમ્રો તેં રુડો લક્ષણ ૧૮
દાસનો દાસ નિત્ય જાણજો હો બહુચરી દેજો ચરણ નિજધામ
પ્રેમે પૂત્ર પ્રમાણજો હો બહુચરી શેવેછે મણીરામ; ૧૯

ગરબો ૪ થો.

શર્ણે આવ્યો શક્તિ સદા મા અંબીકા પ્રેમે તે પુજુ પાય
હેત ધરી ટાળો આપદા મા અંબિકા મહેર કરો મમાય ટેક
રમો હ્રદે મુજ માવડી મા અંબિકા હું છુ તમારો દાસ
અધિકારે શેવું પાવડી મા અંબીકા પુરજો મનની આશ; ૧
મન માજી તુજમાં ભમે મા અંબિકા સેવા ચરણ નિજ ધામ
દાસ તહારો ચર્ણે નમે મા અંબિકા પુરો મનોરથ કામ ૨
વહાલ ધરો મહારી ઉપરે મા અંબીકા ઇચ્છુ ચરણ શેવાય
દલથી ધ્યાન શેવક ધરે મા અંબીકા ગુણ ગાયત્રીના ગાય ૩
નારાયણી ન્યાળો મુને મા અંબીકા ગણો પોતાનો પુત્ર
રઢીયાળો જાચુ તુને મા અંબિકા જપીં બાળાનો સુત્ર ૪
હેત ધરો માહેશ્વરી મા અંબીકા ત્રીપુરા રાખજો ટેક
નામ આધાર નયણે કરી મા અંબિકા જપુ જાપ વિશેક. ૫
રંક જાણી કષ્ટ કાપજો મા અંબિકા શેવકને કરો શાય,
વૈષ્ણવિ વર મને આપજો મા અંબિકા મહેર કરી મંમાય. ૬

દયાળી દીનના છો તમો એ અંબિકા અઢજો ચંડિ વાર;
મંમાયા જાચુ અમો એ અંબીકા દયાળી છો દાતાર. ૭
નિમ નારાયણીં નામનો એ અંબિકા અવર ના રૂચે મન;
લ્હાવો આપો નિજ ધામનો એ અંબિકા અર્પ્યું છે મુજ તંન. ૮
લઇ લ્યો શેવક ચર્ણમાં એ અંબિકા વિનવે તહારો દાસ;
લવલેશ સુખ નહી ધર્ણમાં એ અંબિકા જયાં ત્યાં કલેશ કંકાશ. ૯
લુચાઇ દેખુ લોકમાં એ અંબિકા પ્રીતી નહીં સ્વધર્મ;
ભારે ભમું હું શોકમાં એ અંબિકા દેખી દુષ્ટ કુકર્મ. ૧૦
ઇશ્વરી તારજો મુને એ અંબિકા દુષ્ટથી રાખજો દુર;
ભયથી જાચુ તુજને એ અંબિકા વસમાં પાપી ક્રૂર. ૧૧
ટટુ જનથી ડરૂ અતિ એ અંબિકા મંમાયા કરજો મહેર;
મેં તો શેવિ અંબા સતિ એ અંબિકા કરજો લીલા લહેર. ૧૨
વાંક જોશો નહી માહરો એ અંબિકા હુ છૂં તમારો દાસ;
ડાટ વાળે ફળી વાયરો એ અંબિકા રાખો ચરણ નિવાસ. ૧૩
તમ આધાર છે મુજને એ અંબિકા ભરૂસો તમારો એક;
માતાજી જાચુ તુજને એ અંબિકા રાખજો દાસનો ટેક. ૧૪
રાચ્ મંમાયા નામને એ અંબિકા અવર ના રૂચે મંન;
શેવિ અંબા પામું ધામને એ અંબિકા, અર્પિ મંન ને તંન. ૧૫
અળ ચિત તુજ ચર્ણમાં એ અંબિકા અવર ના રૂચે લેશ;
કર ઝાલી લ્યો શર્ણમાં એ અંબિકા દયાળી મુજને એશ. ૧૬
ટેક છોડો નહી માવડી એ અંબિકા જપુછુ તહારૂ નામ;

પ્રેમે પ્રભુ તહારી પાવની આ આંખડા શેવક છુ

ગરબા ૧ લી

પંખેની પઠ પ્રીત એ રાગ.

શર્ણું શેવકને રાખીયે આ દયાળીરે,
હું સદાએ તહારો દાસ બહુચર બાળીરે;
દિનને દયા કરી દાખીયે આ દયાળીરે,
તમે રાખો ચરણ નિવાસ બહુચરબાળીરે. ટેક
જેવો તેવો ગણી મુજને આ દયાળીરે,
તમે તેને શર્ણા માય બહુચર બાળીરે;
ઉગારો આ અનુજને આ દયાળીરે.
શેવકને કરજો શાય બહુચર બાળીરે. ૧
જઠરામાં જન જાળવ્યો આ દયાળીરે,
પોસણ કર્યું ધરી પ્રીત બહુચર બાળીરે;
જન્મ જનુની આપીયો આ દયાળીરે,
કરી કરૂણા આણી રીત બહુચર બાળીરે. ૨
જેવિ રીતે પાળીયો આ દયાળીરે,
તેમ દાસની લેજો સંભાળ બહુચર બાળીરે:
કેમ કૃપાળી મને ટાળીયો આ દયાળીરે,
મને ગણો તમારો કંગાળ બહુચર બાળીરે. ૩

નામ સ્મરણ ચુકયો તાહરૂ મા દયાળીરે,
ભુલ્યો ભવમાં ભટકી ભાન બહુચર બાળીરે;
માન રાખો દેવિ માહરૂ મા દયાળીરે,
હું આવ્યો સ્રરણ નિદાન બહુચર બાળીરે. ૪
સ્મરણ કીધુ નથી મેં જરી મા દયાળીરે,
દયા ધરને આણી વહાલ બહુચર બાળીરે;
પુત્રને પાળો વિશ્વંભરી મા દયાળીરે,
તમે છો દીનદયાળ બહુચર બાળીરે. ૫
કરણી જો જોસો માહરી મા દયાળીરે,
તો પાપનો ના આવે પાર બહુચર બાળીરે;
હું છુ આધારે તાહારી મા દયાળીરે,
મને ગણો પોતાનો આ વાર બહુચર બાળીરે. ૬
ડુબુ આ દુનિયા વિશે મા દયાળીરે,
તમે આવીને ઝાલો બાંહ્ય બહુચર બાળીરે;
ભાળે ભવાની ભકતને મા દયાળીરે,
હુ દીન જાચુ મંમાય બહુચર બાળીરે. ૭
સાંભળી શાય થજો મુને મા દયાળીરે,
દીનકર પસારે આ ઠામ બહુચર બાળીરે;
હું દેવી જાચુ તુને મા દયાળીરે,
આ શેવક તુજ મણીરામ બહુચરબાળીરે. ૮

ગરબી ૨ જી.

પડવે પુરણ પ્રેમથી આ દયાળીરે,
હું શેવુ સરસ્વતી માત બહુચર બાળીરે; ટેક
બિજે બાળા મુકંદ છે આ દયાળીરે,
દેવિ ત્રીપુરા શાક્ષાત બહુચર બાળીરે. ૧
ત્રીજે ત્રીભોવન ભુપ છે આ દયાળીરે,
કૃષ્ણ કાળી એક સ્વરૂપ બહુચર બાળીરે. ૨
ચોથે ચતુરપક્ષ જાણીયે આ દયાળીરે,
ક્ષમા ક્ષુધા તૃષ્ણા અનુપ બહુચર બાળીરે. ૩
પાંચમે પૂર્ણ માહેશ્વરી આ દયાળીરે,
બ્રહ્મ વાઘની રેળ સુતા જાણ બહુચર બાળીરે. ૪
છઠે ચંદ્ર ગંટા માવડી આ દયાળીરે,
કુસમાંડા દેવિ પ્રમાણ બહુચર બાળીરે. ૫
સાતમે સ્કંદ માતા જાણીએ આ દયાળીરે,
કાત્યાયનિ લાગુ પાય બહુચર બાળીરે. ૬
આઠમે મહાગૌરા નાંણીયે આ દયાળીરે,
કાળ રાત્રી રૂપે માય બહુચર બાળીરે.
નોમે સીદ્ધિ દાયની આ દયાળરે
નવ દુર્ગા એકજ રૂપ બહુચર બાળીરે. ૮
દશમે દિન દાતાર છે આ દયાળીરે,
ત્રીભોવન કેરાં ભુપ બહુચરબાળીરે. ૯

એકાદશી અંનપૂર્ણા ઓ દયાળીરે,
સચરાચરમાં તુજ વાસ બહુચર બાળીરે. ૧૦
બારશે બાળા રૂપ છો ઓ દયાળીરે,
ત્રીઅક્ષરી અંબેમાત બહુચર બાળીરે. ૧૧
તેરશે તંત્ર મંત્ર યંત્ર છો ઓ દયાળીરે,
બ્રહ્માણી મય બ્રહ્મરૂપ બાહુચર બાળીરે. ૧૨
ચોદશે ચિત મારૂ ચોટીયૂં ઓ દયાળીરે,
રાખો શેવકને તમો શર્ણ બહુચર બાળીરે. ૧૩
પુનમે પુરણ પ્રેમથી ઓ દયાળીરે,
જપે ગાયત્રી મણીરામ બહુચર બાળીરે. ૧૪

ગરબો ૩ જો.

કારતગે કરૂણા કરો માતા મહારીરે,
જાચુ શેવક તુજને આજ બહુચરબાળીરે;
દિન જાણી દયા ધરો માતા મહારીરે,
ભકતની તુજ હસ્તે લાજ બહુચર બાળીરે. ૧
માગસરે મંમાયા મંન માહારૂ માન્યુંરે,
ઇછુ ચરણ શરણ નિવાસ ધરોતુજ મ્હાનુરે
દિન દાસ હું તમ તણો મંન માહારૂ માન્યુરે,
જાચુ ચરણ કમળની આશ ધરીતુજ મ્હાનુરે.

પોસે પૂરણ પ્રેમથી દેવી વાળોરે,
દયાળી અંબે માત વિઘન સૌ ટાળોરે;
પુરણ પ્રેમ મુજ અંતરે દેવિ પાળોરે,
બાળા ત્રીપુરા સાક્ષાત વિઘન સૌ ટાળોરે. ૩
મહામાસે દેવી મુજને દરશાન દેજોરે,
હું જાચુ તમારો રાંક શર્ણ લેજોરે;
તુળજાને વળી તોતળા દરશાન દેજોરે,
અંબા ક્ષમા તે કરજો વાંક શર્ણ લેજોરે. ૪
ફાગણે ફળ આપજો ઓ દયાળીરે,
સાધુ મંત્ર જંત્ર ને તંત્ર પાવાવાળીરે;
ભકિત ઉપાસના હું કરૂ ઓ દયાળીરે,
સાધી તુજ ચર્ણે એક તંત્ર પાવાવાળીરે. ૫
ચઇતરે ચીત ચોટીયુ તુજ ચર્ણેરે
મંમાયા ધારી મહેર રાખો શર્ણેરે;
નિશ દિન મારૂ મન ભમે તુજ ચરણેરે,
કષ્ટ નિવારો આ પેર રાખો શરણેરે. ૬
વૈશાકે વિશ્વંભરી હું જાચુરે,
દેવિ દરશાન કરવા કાજ ઘણું એક રાચુરે;
કર પસારી મા બહુચરી હું જાચુરે,
જોઇ જનુની તહારો ગોખ ઘણું એક રાચુરે.૭
જેઠે જનુની ધ્યાન તહારૂ ધરવુંરે,
પ્રેમે અર્પિ તંન ને મન પૂજન કરવુંરે;

કર ઝાલો દેવી માહરો ધ્યાન ધરવું રે,
બ્રહ્મ વાઘની મોરી માત પુજન કરવું રે. ૮
અશાડે અંબે માવડી પાય લાગુરે,
પ્રેમે પ્રભુ પારો માત સુબૂદ્ધિ માગુરે;
દિન દાસ છુ તમ તણો પાય લાગુરે,
આવો ચરણ શરણ સાક્ષાત સુબૂદ્ધિ માગુરે.
શ્રાવણે સાંભરી તુજને હું શેવુંરે,
અંબા થવાનું આ ધ્યાન માગી લેવુંરે;
બાળા ત્રીપુરા બાઇને હું શેવુરે,
માતા શેવક થઇને માન માગી લેવુરે, ૧૦
ભાદરવે એક ભગવતિ હું ભાળુરે,
હતા અવર જે આધાર સર્વે ટાળુરે;
સચરાચરમાં માવડી હું ભાળુરે,
કુડ કપટ કીલમીશ જેહ સર્વે ટાળુરે. ૧૧
આસોમાસ અલબેલડો દરશન દેજોરે,
શુભ નવરાત્રીનાં દ'ન શર્ણે લેજોરે;
મણીરામ જન જાણીને દરશન દેજોરે,
ગણીને પુત્ર સમાન શર્ણે લેજોરે. ૧૨

ગરબો ૪ થી.

અલબેલી અંબેમાત ગરબે ગાજોરે,
માતા શેવકને કરી મહેર પરસન થાજોરે;
ચોસઠ દેવી અધ્યક્ષમાં ગરબે ગાજોરે,
અંબા ભવાની સાક્ષાત પરસન થાજોરે. ૧
ભુચર ખેચર સંગમાં ગરબે ગાજોરે,
તુળજા તોતળા જાણુ પરસન થાજોરે;
દેવી કાળી કવાલીની ગરબે ગાજોરે,
શિવા સ્વધા આદે પ્રમાણુ પરસન થાજોરે. ૨
મહામાયા મહાલક્ષ્મી ગરબે ગાજોરે,
ક્ષુધા તૃષ્ણા ત્રીલોક ભુપ પરસન થાજોરે;
આરી મધુકૈટભ તણી ગરબે ગાજોરે,
દેવતાની શાયક રૂપ પરસન થાજોરે. ૩
મારનાર ચંડ મુંડનો ગરબે ગાજોરે,
દેવી ચામુંડા સાક્ષાત પરસન થાજોરે;
મર્દની શુંભ નિશુંભની ગરબે ગાજોરે,
શિવા પાર્વતિ અંબેમાત પરસન થાજોરે. ૪
મહિશા મર્દની માવડી ગરબે ગાજોરે,
શેવકની શાય કરનાર પરસન થાજોરે;
દેવી દયાળી દાસની ગરબે ગાજોરે,
માતા ચંડીકા ચઢી વાર પરસન થાજોરે. ૬
દેવી દીન દાતાર છો ગરબે ગાજોરે,

શેવકની લેઈ સંભાળ પરસન થાજોરે;
મણીરામનો આધાર છો શરણે ગાજોરે,
દરશાન દેજો દીન દયાળ પરસન થાજોરે. ૬

ગરબો ૧ લો—

શેવો શેવો તમે બહુચર બાઈ,
તેથી થાશો રૂડા સુખદાઈ. શેવો શેવો ટેક.
બહુચર જપતાં મોક્ષ ભાઈ મળશે,
કર્મોમળ તંન તણાં ટળશે;
ભકિત પંથ ભાવ થકી મળશે. શેવો શેવો. ૧
બાળા ત્રીપૂરા નામ આધારે,
ભાઇ નિશ્ચે ઉતરો ભવપારે;
કષ્ટ સમે અંબા ચઢશે વારે, શેવો સેવો. ૨
બીજાક્ષર જાપ જપો ભાઈ,
જંત્ર મંત્ર તંત્ર સાધો સાઇ;
ઋષોને ગુણ ગાયત્રીના ગાઇ, શેવો શેવો. ૩
જપે જાપ જન્નુતીનો એક ચીતે,
ભજે દુર્ગા આણી અંતર પ્રીતે;
પામે વર બાળાનો શુભ રીતે, શેવો શેવો. ૪

જકત બિજ જનુની સો જાણો
ભેદ નવ બાળા મુકદે આણો;
કૃષ્ણ કાળી એક રૂપ પરમાણો, શેવો શેવો. ૫
બાળા ચર્ણોદક શિષ થાપે,
દાળીદ્ર દૈવિ તેનાં તો કાપે;
મણીરામને પ્રસન થયાં આપે, શેવો શેવો. ૬

ગરબી ૨ જી.

બાળા બાંહી ઝાલોને મહારી,
આપો ચર્ણ શેવા મા તમારી; બાળા. ટેક.
જેવો તેવો ગણો મુનેરે દેવી,
ઇચ્છુ શેવા શુદ્ધ મનેરે શેવી;
ભકિત ભવાની માગોરે લેવીં, બાળા. ૧
એક નામ તહારૂ સાચ્રે જાણ્યું,
પ્રત્યક્ષ મેં પારખ્રુ પરમાણ્યું;
દીઠી તને ઠરવાનું ઠેકાણું, બાળા. ૨
બ્રહ્માણી તું સચરાચર વ્યાપી,
કળયુગે નામ ઘણાંરે થાપી;
ભાવે ભજતાં કષ્ટ નાંખેરે કાપી, બાળા. ૩
જપુ જનુની હું જાપ તહારો,

કર ઝાલો બહુચર બાઇ મ્હારો;
સંસાર સિંધુ ડુબતાં ઉગારો, બાળા. ૪
દયા ધરો દયાળી જન જાણી,
જુવો ભકત સામુ અંતર આણી;
શુદ્ધ કરો શકિત મ્હારી વાણી, બાળા. ૫
સાચી વાત જકતમાં મેં વરણી,
મણીરામની જોશો ના કરણી;
ગાયત્રીનો જાપ જપુ વરણી, બાળા. ૬

ગરબી ૩ જી.

ચાલોરે બાળા ત્રીપૂરાને ભજવા,
કલીમલ અંતરથીરે તજવા, ચાલોરે. ટેક.
બાળા ત્રીપુરા નામ આધારે,
કાંઇક ઉતર્યા ભવ સીંધુ પારે;
એવો બહુચર ભજી લ્યો પ્યારે, ચાલો. ૧
બ્રહ્માણી સો બ્રહ્માંડેરે વ્યાપી,
નામ ઘણાં ભુમીમાંરે થાપી;
વર દે ભકતને તે તો આપી. ચાલો૦ ૨
અનુષ્ટાન બાળા તણું કરજો,
સ્થીર ચીત ધારીધ્યાન ધરજો;

દુષ્ટ દુરમતિ સંહરજો. ચાલો૦ ૩
ભાવે ભવાની જે કોઇરે ભજશે,
કુડ કપટ અંતરનાંરે તજશે;
મોક્ષ મળે પૂજન વિધી રાજશે. ચાલો૦ ૪
સત્ય બાળા ત્રીપુરાને જાણી,
અંબે અંબે કહોને ઉલટ આણી;
તેથી ભવસાગર તરશો પ્રાણી. ચાલો૦ ૫
બાળા ત્રીપુરા નામ આધારે,
પ્રાણી કંઇક ઉતરી ગયા પારે;
મણીરામ ગાયત્રો ગા પ્યારે. ચાલો૦ ૬

ગરબો ૪ થી

ભવાનીને ભજજો ઉલટ આણી,
જકત બીજ જનુનીરે સહુ જાણી, ભવાનીને. ટેક.
બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર જેનેરે શેવે,
આજ્ઞા પાળે તેત્રિશ ક્રોડ દેવે;
ભવ શીંધુ તરીયે નામ સેવે. ભવાનીને૦ ૯
નારદ સારદ ગુણ જેના ગાયે,
વખાણ્યો માર્કંડે મહીમાયે;

સ્મરણ કરે ઉધર્યો સુરથ રાયે. ભવાનીને૦ ૨
બ્રહ્માણી ત્રીબ્રહ્માંડની માતા,
મોક્ષ મળે ગુણ એનારે ગાતાં;
દેવિ જાણો વરદાયની દાતા. ભવાનીને૦ ૩
કળયૂગે કાળીદાસેરે સેવો,
માઘ કવી કીધો તેનેરે દેવિ;
વલભ ભટની માતા બહુચર એવી? ભ૦ ૪
જંત્ર મંત્ર જપશો શુધ્ધ રીતે,
પુજન પધતિ જપો આણી પ્રીતે.
દેવિ ચણ્ડાદક જ્યો એક ચિતે, ભવા૦ ૬
દેવી દાતા પૂરે સહુની આશો,
એના નામે કલીમલ સૌ નાશે;
મણીરામ નિત્ય ગાયત્રી ગાશે. ભવાની૦ ૬

ગરબો ૧ લી.

બહુચર ભજતાં ભવદુઃખ, ભાગેછેરે ભાગેછે,
અંતનો કલીમલ તજતાં, ભવ દુઃખ ભાગેછેરે ભાગેછે. ટેક.
બહુચર બાઈ જપો જન પ્યારા, સરે મનોરથ સર્વે તમારા;
કરશો સફલ તમ જન્મારા, ભવ દુઃખ ભાગેછેરે ભાગેછે. ૧
બાળા ત્રીપુરા નામ આધારે, કઈક જન ઉતરી ગયા પારે

અંતે આવશો તમારી વારે, ભવ દુઃખ ભાગેછેરે ભાગેછે. ૨
દેવિ દરશને સુખી થાશો, બાળા ત્રીપુરાના ગુણ ગાશો;
કરશે અંતરમાં અંબા વાસો, ભવ દુઃખ ભાગેછેરે ભાગેછે ૩
શુધ મંન વડે અંબા શેવો, જેને માનેછે સહુ દેવો;
એનો પાલવ ઝાલી લેવો, ભવ દુઃખ ભાગેછેરે ભાગેછે; ૪
શર્ણ શકિતને ઝટ થાવું, બિજે મારગ કદી નવ જાવું;
મણીરામ બાળા ગુણ ગાવું, ભવ દુઃખ ભાગેછેરે ભાગેછે. ૫

અરબી રજી.

દેવિ આરાસુરની રાણી, માતા જે અંબે જે અંબે.
એને વેદ વિષે તો વખાણી, માતા જે અંબે જે અંબે. ટેક
દુઃખ દાલીદ્રની હરનારી, અંબા અધમને લે ઉધારી;
દંડ દે દુષ્ટો ને સંહારી, માતા જે અંબે. જે અંબે. ૧
જેણે ચંડ મૂંડને ચોળ્યો, મહિષાસુર દેવી રગદોળ્યો;
મધુ કૈટભનો પ્રાણ તોળ્યો, માતા જે અંબે જે અંબે. ૨
પડયું દુઃખ દેવોને જ્યારે, સ્તુતિ કરી શકિતની ત્યારે;
અંબા ચઢીયાં જનની વારે, માતા જે અંબે જે અંબે. ૩
આદ્ય ભવાની અંબે આઇ, વસ્યાં આરાસુરની માંહી;
જાચો જનનીના ગુણ ગાઇ, માતા જે અંબે જે અંબે. ૪
માના દરશનને મોક્ષ મળશે, કોટી જનમના પ્રાશ્ચિત ટળશે;

મણીરામ દેવિ દિલ ધરશે, માતા જે અંબે જે અંબે. ૫

[ગરબી ૩ જી.

મારી અંબાના ગુણ ગાવો, નજરે ન્યાળીનેરે ન્યાળીને;
ચાલી ચાચરે ચિત ચહાવો, નજરે ન્યાળીનેરે ન્યાળીને. ટેક
ગણો ગુણ ગોરીના ગાઇ, આરાસુરમાં બીરાજયાં આઇ;
ભાવે ભવાનીને ભજો ભાઇ; નજરે ન્યાળીનેરે ન્યાળીને. ૧
દ્રષ્ટ દેખો દિન દયાળી, ચીત્ત ચરણે મુકોને ચાલી;
મંમાયા મોટી મતવાળી, નજરે ન્યાળીરે ન્યાળીને. ૨
અંબા આરાસુરમાં રાજે, ખડગ ત્રીસુળ કરમાં છાજે;
મતવાલી સિંહ બીરાજે, નજરે ન્યાળીનેરે ન્યાળીને. ૩
માયે શણગાર ધરીયાં અંગે, ચીર ચોળી ધરી નવરંગે;
ગાન તાન ઉડાવો ઉમંગે, નજરે ન્યાળીનેરે ન્યાળીને. ૪
શોવો શોવો અંબા દેવિ, જેને ત્રીગુણાત્માકે શેવિ;
મણી રામની માતા એવી, નજરે ન્યાળીનેરે ન્યાળીને. ૫

ગરબી ૪ થી.

બાળા ત્રીપુરાનીબાંહી ઝાલો, ભવશિંધુ તરવાને તરવાને;
અંતરથી સમજીને ચાલો, ભવ શિંધુ તરવાને તરવાને.
જપો જાપ જનની જાણી, તમે ઉલટ અંતર આણી;

ભજો ચોદભોવંનની રાણી, ભવ શિંધુ તરવાને તરવાને. ૧
ગાત્રો ગુણ બાળાના ભાવે, ફરી ગર્ભ વાસ નહીં આવે;
જન્મ મરણ સહુ ટળી જાવે, ભવ શિંધુ તરવાને તરવાને; ૨
જેણે જાચી જનની જોબે, તેને બાળા ત્રીપુરારે પોખે;
મન ચોટાડે માને શોખે, ભવ શિંધુ તરવાને તરવાને. ૩
જંત્ર મંત્ર તંત્રને સાધો, ગરવા ગુણ ગાયત્રી આરાધો;
બહુચર જપવા એક તારબાંધો, ભવ શિંધુ તરવાને તરવાને. ૪
જેહો ગાયત્રીને આરાધે, જસ જકતમાં તેનો વાધે;
મણીરામ નિત જપ સાધે, ભવ શિંધુ તરવાને તરવાને. ૫

ગરબો ૧ લો.

મેં તો જાણી જુગમાં સાચી માતા બહુચરીરે;
હું તો જાચુ માતા નેહ ધરીરે. ટેક
અચરાચરમાં રહ્યાં મા વ્યાપી, નામ ઘણાં કલીયુગે થાપી;
ઝાંખો જનુની જન જાણી જરીરે. મેં તો. ૧
જંત્ર તંત્રનો ભેદ ના જાણુંરે, શરણું જ સાહી સુખજ માંબ
કૃપા કરો બાળા ખરીરે. મેં તો૦ ૨
પ્રત્યક્ષ પારખુ મુજને જડીયું, જન્મનો પહેલાં પય નિરખીયું;
એવો શેવું વિશ્વેશ્વરીરે. મેં તો૦ ૩
જન્માનું સારથક મે જાણી, મંમાયાને લીધાં માણી;

ભારે ભ્રમણતા મારી નીસરીરે. મેંતો. ૪

ભાવ વડે ભવાની ભજવાં, કલીમલ અંતરથી સહુ તજવાં;
શેવો શકિત સુરતે કરીરે. મેંતો. ૫

બાળા ત્રીપુરા નામ આધારે, મણીરામ ઉતરશો પારે;
ગાયત્રી ગા સર્વોપરીરે. મેતો. ૬

ગરબી ૨૭.

જેણે શેવી શકિત પ્રેમે ઘણા શ્રંમથીરે;
છુટે કલીમલ ક્રંમથીરે. ટેક.

પ્રેમે સેવી શકિત જેણે, તાર્યો આત્મા પોતાનો તેણે;
છુટયો આ દુનીયાના કુક્રંમથીરે, જેણે. ૧

જંત્ર મંત્ર તંત્ર જેણે સાધ્યો, અમુલખ હિરો તેને લાધ્યો;
જાળવી ચાલ્યો નિજ ધ્રંમથી જેણે. ૨

કલીયૂગે ચંડીને જાણો, વીનાયકને શ્રેષ્ટ પ્રમાણો;
શિદ અથડાવું ખોટા શ્રંમથી; જેણે. ૩

જકત બીજ જનુની લહીયે, શકિત સાર સંસારનો કહીયે;
જકત ઉપન્યું જાણો સર્વે બ્રંહ્મથીરે, જેણે. ૪

શુધ્ધ સંકલ્પે શેવો શકિત, દેવી દેશે અવીચળ ભકિત;
આત્મા તારશો ભાઈ મંમથીરે, જેણે. ૫

મણીરામ ચીત ચેતો જાણી, શેવો શકિત સાર પ્રમાણી;
જપ્ય ગાયત્રી આનન ચરંમથીરે, જેણે.

ગરબી ૩જી

બહુચર બાઈને ભજતાં પ્રાણી નિશ્ચે તરેરે;
લક્ષ ચોરાસો તહારે ઉગરેરે, ટેક
દુર્ગા ચંડિ સરસ્વતિ રુપે સચરાચરમાં વ્યાપ્યાં ઘણાં રૂપે;
બ્રહ્માણી મધ બ્રહ્માંડ જાણો ખરેરે, બહુચર. ૧
જંત્ર મંત્રનું માપ કરી જાણો, વીજ અક્ષર અંતરમાં આણો
એક ચિતાગ્રે દેવિ ધ્યાન ધરેરે, બહુચર. ૨
માર્કંડ રૂષી મહીમા ગાયે, ઉધાર્યો એક સુરથ રાયે;
શર્ણે રાખ્યો શકિત મુકી કરેરે, બહુચર. ૩
કાળીદાસને મહા કવિ કીધો, ભટ વલભને તારી દીધો;
દેવી દયાળી દુખ સહુનાં હરેરે, બહુચર. ૪
દિન તણો છો દાતા દેવી, શુધ્ધ મને તમે ધ્યોને શેવિ
તેથી કારજ તમારાં સર્વ સરેરે, બહુચર. ૫
ગાયત્રીનો ગુણજ જાણી, ઉપાયોને સ્નેહ પ્રમાણી;
મણીરામ દીલ સાને ઠરેરે, બહુચર. ૬

ગરબી ૪થી.

જેવો તેવો જાણી મુજને માતા બહુચરીરે,
ઉગારી લે મુજને ખરીરે, ટેક.
પળપળનો હું મા અપરાધી, નામ લીધું નહી તહાર સાધી;

ચાહ્યો નહી જનુની જરા ડરીરે, જેવોતેવો.૧
કુડ કપટમાં ભારે ઝોલ્યો, પરનિંધામાં હું તો ખીલ્યો;
ભટકયો ભુતળમાં ભય નવ ધરીરે, જેવોતેવો૦ ૨
ગર્વ ગુણ હીણુ થઇને કરતો, મીથ્યા વાદે જકતમાં ફરતો;
ધર્મને પંચે બાંધતો બાકરીરે, જેવોતેવો૦ ૩
જનની જપ જરા નવ જાણ્યો, મીથ્યા વાદ ભૂતળમાં તાણ્યો
ધર્મ ખંડન કરતો ફરીરે. જેવે તેવો૦ ૪;
સાર જાણ્યો શકિતનો જયારે, પસ્તાવો મન પ્રગટયો ત્યારે;
સાચી એક મા વિશ્વંબરીરે. જેવોતેવો૦ ૫
મણીરામ મનમાં પસ્તાવું, ગાયત્રીના ગુણજ ગાવુ
શર્ણે જાવું શકિત કરગરીરે. જેવો તેવો૦ ૬

પદ ૧ લુ

બહુચર બાઇ સુણો અર્જ મહારી. ટેક.
સ્ષ્ટિ મંડાણે તુછે શકિત, જાણે કો વિરલા વિરકિત;
ભાવે ભવાની કરે તહારી ભકિતરે, બહુચર૦ ૧
વેદ શ્રુતિમાં તુજને વર્ણે, વ્યાપ્યાં સ્ષ્ટિ તે જાવર્ણે
માજી અડસઠ તીરથ તહારે ચર્ણેરે. બહુચર૦ ૨
બ્રહ્મા વિષ્ણું નારદ સારદ, તે સહુ જાણે તહારૂ હારદ,
તાહરા તેજમાં તે સહુ ગારદરે. બહુચર૦ ૩
જગત બીજ જનુની જાણી, શેવુ શક્તિ ઉલટ આણી,
મને જાણી પોતાનો લેજો તાણીરે. બહુચર૦ ૪

સચરાચરમાં તુ બંમાયા, માર્કંડે ગુણ તહારા ગાયા,
ભાવે ભજે તેની વારે ધાયારે. બહુચર૦ ૫
ગંગા જમના નર્મદા કાશી, માન સરોવરે રહ્યાં પ્રકાશી,
માનો શેવામાં હાજર સ્વર્ગ વાશીરે. બહુચર૦ ૬
અંર્ગુામૃત બાળાનું લેજો, આવે તનમાં તેથી ભેજો,
મણીરામને માતા દરશન દેજોરે. બહુચર૦ ૭

પદ ૨ જુ

બંમાયા મહારી ઝાલજો તમે બાંહી. ટેક
ભકિત ભવાની લેશ નહી મહારે, તુજ વિના મને કોણ ઉગારે,
બાળા ત્રીપુરા ચઢજો મારી વારેરે. બંમાયા૦ ૧
પળપળનો હુંછુ અપરાધી, નામ લીધું નહી તહારૂ સાધી;
કુડ કપટે રાખ્યો મને બાંધીરે. બંમાયા૦ ૨
દંભ કરીને ફરતો ઘણું, ચિત ના રાખ્યું તહારે ચર્ણુ;
હવે આવ્યો બંમાયા તહારે શર્ણુરે. બંમાયા૦ ૩
કાળ સુત્રનો ભય ના જાણ્યો, પાઠ તહારો રૂદેન આણ્યો;
ભટકયો ભુતળમાં શોખ માણ્યોરે. બંમાયા૦ ૪
માન સરોવર હવે મા નહાવું, ભકિત કરીને પાવન થાવું;
માજી ચર્ણ તે તહારા હુંતો ચહાવુંરે. બંમાયા૦ ૫
જેવો તેવો દાસછું તહારો, ગમે તો તારો કે મારો;
મેં તો શેવ્યો છે બહુચર બાઇનો પારોરે. બંમાયા ૬

જંત્ર મંત્રનો ભેદજ જાણી, મંમાયાને લીધાં મેં માણી,
મણીરામની માતા કલ્યાણીરે. મંમાયા૦ ૭

પદ ૩ જું

પૂજન કીજે ભાવથીરે ભવાની. ટેક
પ્રાણ અપાન વાયૂને રૂંધિ, કરવી તનડા કેરી શૂદ્ધિ;
કરીયે ન્યાસ ધ્યાનને શુદ્ધ બુદ્ધિરે. પૂજન૦ ૧
પ્રક્ષાલન પ્રેમેથી કીજે, માન સરોવર જળ ભરી લીજે;
માને અર્ઘ તે ભાવે ભાઈ દીજેરે. પૂન૦ ૨
શણગાર માને સુંદર કરીયે, જેથો ભવ સીંધુને તરીયે;
માન ચર્ણામાં ચિત ચાળી ધરીએરે. પૂજન૦ ૩
ગંધાક્ષતે પૂજો શકિત, ધુપ દિપથી કરજો ભકિત;
માના પૂજન સમે રહેજો વિરકિતરે. પૂજન૦ ૪
પ્રથમા દ્રિતિયા માના ચર્ણે, અર્પો કરીને પ્રેમે આવર્ણે;
શેવિ શક્તિને રેહેજો સહુ શર્ણેરે. પૂજન૦ ૫
શેવો શકિત થઈ તદાકારે, એકો વ્યાપી નિરાકારે;
જ્ઞાન ધ્યાને લ્યો એનો આધારેરે. પૂજન૦ ૬
ચર્ણામાં ચિતમાને ધરશો, ચોરાશોનો ફેરો ટ્ટરશો;
મણીરામ દિલમાં નવ ડરશોરે. પૂજન૦ ૭

પદ ૪ થુ.

ભજવાંરે ભાઇ ભાવથીરે ભવાની. ટેક
ભાવ વડે ભવાનીરે ભજવાં, કળીમળ અંતરથી સહુ તજવાં;

હેતે માંડો બાળાનું પૂજન સજવારે. ભજવાંરે૦
માન સરોવર નાહો ઉલ્લાસી, અડસઠ તીરથ રમા પ્રકાશી;
માને ચર્ણે તે કોટિક કાશીરે. ભજવાંરે૦ ૨
બાળા ત્રીપૂરા નામ આધારે, કાંઇક જન ઉતરીયાં પારે;
માજી કષ્ટ સમે આયાં વારેરે. ભજવાંરે૦ ૩
ગર્વ તજી ગાયત્રી ગાને, સુર મુની સહુ જેને માને;
હીરા વખત ગુમાવે તુતો શાનેરે. ભજવાંરે૦ ૪
ગાંધી સુતને બ્રહ્મ પદ આવ્યુ, દેવોનું સહુ કષ્ટજ કાપ્યું;
ભય ભંજની નામ પોતાનું થાપ્યુંરે. ભજવાંરે૦ ૫
માજી અષ્ટિ તેજાવર્ણે, શોવો શાણા તેના ચર્ણે;
દેખો પ્રત્યક્ષ પારખુ ઘણુંરે. ભજવાંરે૦ ૬
જે કોઇ કરશો એની ભકિત, બાળાની થઇને વિરકિત;
મણીરામની ઇષ્ટ ઈચ્છા શકિતરે. ભજવાંરે૦ ૭

ગરબી ૧ લી

અહો અંબારે, ત્રણ ભુવનની તું રાણી, ત્હારી અકળ કળા ન કળાણી;
દેવી દાતારે, તુંને તે વેદે વખાણી, એવી સર્વોત્તમ ગુણ ખાણી. ટેક

ભુલ.

જકત બીજ જનુની જાણીરે, મંમાયા લીધાં મેં માણીરે;

બ્રહ્મ રૂપે જાણું માત બ્રહ્માણી. તહારી૦ ૧

સચરાચરમાંરે, વ્યાપી તુ મંમાયા, માર્કંડે ગુણ ગાયા;

બ્રહ્મા વિષ્ણુંરે, શિવ સહુ તાહરી કાયા, વેદવદેછે માની છાયા.

ઝુલ

બ્રહ્મા વિષ્ણુરે શિવસહુ સેવેરે, આજ્ઞા માને તેત્રીશ ક્રોડ દેવેરે;

મોક્ષદાયનીરે, માતા તું છે કલ્યાણી. તહારી૦ ૨

નારદ શારદરે, ગુણ તહારા નિત્ય ગાયો ઈચ્છા શકિત નામ કહેવાયે;

શાહસ્ત્ર ફેણથીરે, મહીમા ના વર્ણાયે, એવાં દેવિછો અંબાયે.

ઝુલ

ભારે ભુતળનો ભાર હરવારે, દુષ્ટો તણાં દળ દળવારે;

ઘણાં ધારોરે, રૂપ તમે ઈંદ્રાણી. તહારી૦ ૩

રોજે ભજતાંરે, ચોછો તમો ભવ તારી નિજ જન ધ્યેયાછો ઉધારી;

હોય વિમુખરે, તેને દેતાં દંડ ભારી, એવી અંબા છો મતવારી.

ઝુલ

દયાળો દેવિ છો દાતારે, સમરતાં થાયે સુખ શાતારે;

મણીરામનીરે, અંબા સાચી જાણી. તહારી૦ ૪

ગરબી ૨ ૭

ભાવે ભજી લેરે, તુતો બહુચર બાઇ, તેથી થાશો તમે સુખદાઈ;
સચરાચરમાંરે, વરિયા પોતે આઇ, શરણું લ્યો શકિતનું
સાઈ. ટેક.

ઝુલ

શકિત સંભારે સંસાર તરશોરે, વિરા વેકુંઠ વિશે વિચરશોરે;
મોક્ષ દાયનીરે, મુખથી લ્યો સહુ ગાઇ. તેથી૦ ૧
મન સમજીરે, બાળા તણા ગુણ ગાને, ઝટ શકિતને શર્ણે થાને;
જંત્ર મંત્રથીરે, પુજન પધતિ સાને, અલ્યા કેમ થાય બેભાને.

ઝુલ

જક્ત કર્તા જુગતંબા જાણીરે, મંમાયા ને લે મન માણીરે;
મીથ્યા ભટકેરે, બહુચર ભજ તું ચહાઈ. તેથી૦ ૨
ભજતાં બાળારે, પ્રાશ્ચિત સર્વે ટળશે; મંમાયાથી મોક્ષજ મળશે;
મન જાણજેરે, મનોરથ સરવે ફળશે, તહારા તેજમાં તેજજ
ભળશે.

ઝુલ

જંત્ર મંત્ર યંત્રનું કરે માપરે, પુજન પધતિયે કષ્ટ કાપરે;
લેઈ દિક્ષારે, ભવાની ભજી લે ભાઇ. તેથી૦
શિવ શકિતરે, જાણો એક નિરવેદ, પ્રાણી નવ ગણશો કાંઇ ભેદ;
અંન્ય ઉપાસનેરે, પામશો નિશ્ચે ખેદ, અંત્યે યમદુત આવી છેદે

પ્રોઢો પ્રતાપ દેવિ મંમાયારે, વેદ પુરાણમાં ગુણ ગાયારે;
મણીરામજરો દુર્ગાના શણા માંહી. તેથી૦ ૪

ગરબી ૩૭.

ચાલો ચઇયેરે બહુચરબાઇને શણ, ચિત ધરીયે માના ચર્ણ;
પ્રેમે પૂજીરે, કરીયે શુભ આવર્ણ, જેથી ઉગરે જન્મને મર્ણ ટેક;

ઝુલ.

પ્રેમે પૂજન અંબાનુ કરીયેરે, તેથી ભવસાગર શેહેજે તરીયેરે.
પ્રત્યક્ષ પારખુરે, મળશે તમને ધર્ણું. ચિત્ત૦ ૧
ત્રણ લોકનીરે, દેખો દેવિ દાતા, તેથી પામીયે ઘણું સુખ શાતા;
જગ સ્થળમાંરે, વ્યાપીછે અંબે માતા, સુર મુની સહુ ગુણ ગાતા;

ઝુલ.

માને ચર્ણછે કોટીક કાશીરે, આજ્ઞા પાળેછે સ્વર્ગના વાશીરે;
પ્રેમે ભજતાંરે, કલિમલ કરશે હર્ણ. ચિત્ત૦ ૨;
ભાવે ભજી લ્યોરે, સરવે બહુચરબાઇ, શરણુ લ્યો શકિતનું શાઇ;
શેજે ઉધરશોરે ભવસિંધુની માંહી, માટે બહુચરને લ્યો ગાઇ;

ઝુલ.

મોક્ષ દાયની બહુચર બાળીરે, એનો પાલવ લ્યો તમે ઝાલીરે
પૂજન વિધીરે કરી લ્યો સર્વે વર્ણ. ચિત્ત૩૦

સુખ દાતારે દેવિ દાખો દયાળી, લેતી નિંજ જનને સંભાળી;
દખે દુષ્ટોરે, તેને હણે બળદાળી, માટે ભજીલ્યો બહુચર બાળી.

ઝુલ.

બહુચર ભજતાં મોક્ષજ મળશેરે, તહારાં પ્રાશ્ચિત સર્વે ટળશેરે;
મણીરામ તુંરે, દાજી લે અસર્ણાશર્ણ. ચિત્ત૦ ૪

ગરબા ૯ થી

આ ઈશ્વરીરે જાણો મુજને દાસે, દયા કરીને રાખજો પાસે
આવ્યો શર્ણેરે મંમાયા ધરી આશો, શેવું ચર્ણ માજીનારે તારો;ટેક.

ઝુલ.

શર્ણે રાખો મને મંમાયારે, મેં તો ચર્ણ તે તાહારા સાહ્યારે;
દિન જાણીરે શર્ણે રાખો સુખ રાશો. દયા૦ ૧
મન મુઝાવુંરે હું તો દિન દયાળે, માજી આવીને કર ઝાલે;
જાણી પુત્રજરે મંમાયા મુજને પાળે, મારે મોટી તહારી ઢાલે;

ઝુલ.

જેવો તેવો જાગુ મને તહારોરે, દેવિ ગમે તો તારો કે મારોરે;
મને છાંડશોરે, શિ ગતિ મહારી થાશે. દયા૦ ૨
અંબા જાણજેરે, જુગ રૂઠે મને ચાલો તુજ વિના થાવું બેહાલે;
માટે નેહથીરે, આ શેવકને ન્યાળે, દયા કરીને અભય આલે;

ઝુલ

દેવિ તહારા બળથી હું ગાજુરે, અવર આધારને ના બાઝુરે;
મન નિશ્ચેરે, તુજથી કલ્યાણ થાશે   દયા૦ ૩

તુજાધારેરે જગત રહયું છે પ્રકાશી, તારા ચર્ણમાં કોટીક કાશી;
માન સરોવરરે, સર્વ તીરથ નિવાશી, સ્નાનકરૂં મન ઉલાશી;

ઝુલ

તહારા સ્મરણે સહુ સીધી થાયરે, કોટી કલ્પના પ્રાશ્ચિત જાયરે;
મણીરામજરે, વિચારી બાળા ગુણ ગારો.   દયા૦ ૪

ગરબી ૧ લી.

ઓ બહુચરમા બરદાળી, રાખો તમ શર્ણે તમ શર્ણે;
નિજ જનને લેજો સંભાળી, રાખો તમ શર્ણે તમ શર્ણે. ટેક.
હું ભરેલોછું આધિ વ્યાધી, નથી લીધી ભકતીરે સાધી;
મહારી ટાળોનેરે ઉપાધી, રાખો તમ શર્ણ તમ શર્ણે.   ૧
હું ભટકયો ભૂતળ માંહી, મેં તો સાર ના દીઠો કાંઇ;
મહારી શી ગતી થાશે આઇ, રાખો તમ શર્ણ તમ શર્ણે   ૨
મને જાણો દાસ તમારો, મંમાયા મુજને ઉગારો;
માજી આ ભવ લાગ્યો ખારો, રાખો તમ શર્ણે તમ શર્ણે   ૩
માજી ચરણ સરણમાં વળગ્યો, મુને અંબા ના કરો અળગો;
મહારે દવ ચારે દશ સળગ્યો, રાખો તમ શરણે તમ શર્ણે. ૪

માજી શર્ણું તે તહારૂ ચહાવું, નિત્ય તહારી પામેરે આવુ
મણીરામ ગાયત્રીરે ગાવું, રાખો તમ શર્ણે શર્ણે. ૫

ગરબી ૨ જી.

બાળા ત્રીપુરા ચઢજો વારે, શર્ણું આવ્યોછુંરે આવ્યોછું.
મુને તુજ વીના કોણ ઉગારે, શર્ણું આવ્યોછુંરે આવ્યોછું. ટેક૫
હું પાપી પ્રપંચી કહેવાવું, શુધ્ધ મારગને નવ ચહાવું;
મહારો મનબો એળે ગુમાવું, શર્ણું આવ્યોછુંરે આવ્યોછું. ૧
માજી દુખ પામું આ ઘણું, રાખો શેવક જાણી ચર્ણે;
હું આવ્યોછું તુજ શર્ણે, શર્ણું આવ્યોછુંરે આવ્યોછું. ૨
બાળા રંક જાણીને નિભાવો, મહારો દાસપણાનો દાવો;
અલબેલી આપો લહાવો, શર્ણું આવ્યોછુંરે આવ્યોછું. ૩
દેવિ દોષ જોશો મહારો, મેં તો પાલવ સાહ્યો તમારો;
ગમે તો તારો કે મારો, શર્ણું આવ્યોછુંરે આવ્યોછું. ૪
જપુ જંત્ર મંત્ર હું આપે, દેવિ કષ્ટ મહારૂ તું કાપે;
મણીરામ ગાયત્રી જાપે, શર્ણું આવ્યોછુંરે આવ્યોછું.

પદ ૧ લું.

સાહ્ય કરો અંબે માત, શેવક જાણી સાહ્ય કરો અંબે માત ટેક.
ભારે ભૂતળમાં ભટક્યો ભવાની, કાંઈ પામ્યો નહિ શાંત. શે૦ ૧
સુત વિત દારા કો નહીં સંગી, નહીં સંગી માત તાત. શે૦ ૨

હું અજ્ઞાને અમથો આથડીયો, રાખી મનમાંરે ભ્રાંત. શો૦ ૩
કુડ કપટ મેં ઘણાંએક કરીયા, ઘણી કરી મેં તો ઘાત. શો૦ ૪
હવે અલખેલી અંતર પસ્તાવું, લાગી તુજ ભજનની ખાંત. શો૦ ૫
મણીરામ જન પાળો બાળા, માનીને સાચી વાત. શો૦ ૬

પદ ૨ જું.

નારાયણીનું નામ, જપોને ભાઈ, નારાયણીનું નામ. ટેક.
નારાયણીના નામ વડેથી, પામશો વૈકુંઠ ધામ. જપો૦ ૧
ન્યાસ ધ્યાનથી નેહ ધરીને, સાધ કરવાનો કામ. જપો૦ ૨
પૂજન પદ્ધતિ પ્રેમે કરીને, નથી અવરનુંરે કામ. જપો૦ ૩
દુર્ગા જપો તમે મનથીરે વિરા, હઠાવો જમનુંરે ચાંમ. જપો૦ ૪
જનુની જપીને આ જુગમાંહી; સત્ય મારગે જામ. જપો૦ ૫
મણીરામ બાળા ત્રીપુરા ભજોને, નહીતો પામશો ડામ. જપો૦ ૬

પદ ૩ જું.

જપો જનુનીનો જાપ, પ્રેમ આણી, જપો જનુનીનો જાપ. ટેક.
યંત્ર મંત્ર તંત્ર સાધિને, કષ્ટ તારૂ તુતો કાપ્ય. પ્રેમ. ૧
ત્રીપદા ચતુસ્પદા જપશોતો, છુટશે ભવનાંરે પાપ. પ્રેમ. ૨
ગાન ધ્યાનનું કરો અંતરથી, થઈ તમે ખરી ખાપ. પ્રેમે. ૩
ભજન કરતાં ભય નવ ગણવો, બહુચરજી માઈ બાપ. પ્રેમે. ૪
બહુચર ભજતાં ભવ ભય ભાગે, અપરાધ સર્વે માફ. પ્રેમે. ૫
ધર્મ અર્થને મોક્ષનું સાધન, કરો જગતમા આપ. પ્રેમે. ૬
મણીરામ મન માંહ વિચારી, માર્ય ભક્તિની છાપ. પ્રેમે. ૭

પદ ૪ થું

નોંધારાના આધાર, બહુચર બાઇ, નોંધારાના આધાર. ટેક
દિન દયાળી દાસનો ચાહક, શેવક રક્ષણહાર. બ. ૧
નેત્ર વિહિનને નેત્રજ આપે, અભણ શાસ્ત્રનો સાર. બ. ૨
પાંગુળને પાય આપે છે મૈયા, દયાળી દેવી દાતાર. બ. ૩
નિર્ધનને ધન આપે છે માજી, વિરની ચઢતીવાર. બ. ૪
સ્થિર મનથી શેવજો બાળા, સર્વ ઇચ્છા પુરનાર. બ૦ ૫
બાળા બાળ જાણી રક્ષણ કરશો, શક્તિ સહુ સરદાર. બ. ૬
ચર્ણ શરણમાં મણીરામ વળગ્યો, માજી ઉતારજો પાર. બ. ૭

પદ ૧ લું.

નમો નમો નારાયણીને નર નેમથી,
કરશો કૃપા કામાક્ષી કૃપાળજો;
મનના મનોરથ મંમાયાજી પુરશો,
શેવક સુરતે શક્તિ કરશો ભુપાળજો. નમો નમો૦ ૧
પ્રગટ પરછો પરખો વાહાલા માતનો,
કળીમાં કાલીયે કામ કરયાં કોટીકજો;
વર્ણન વર્ણવુ શું વાહાલા વિસ્તારીને,
આપે અલબેલી આંધળાને આંખ ઠીકજો. નમો નમો૦ ૨
પાંગળાને પાય આપે પરમેશ્વરી,
નિર્ધન નરને નારાયણી દે ધંનજો;
દાખી દાસ દેવી દીલમાં દયા ધરે,

દુષ્ટ દુરાચારીનું છેદે તંનજો. નમો નમો૦ ૩
સમજો શાણા શકિત સાર સંસારનો;
અધમ ઓધારણ અલબેલીછે આપજો,
ભાગે ભવાની ભય ભારે બ્રંહ્માંડનો;
જનુની હરે જનોના ઝાઝા પાપજો, નમો નમો૦ ૪
વિશ્વંભરીને વિર વહાલો પોતા તણો,
નારાયણી નિરખે નાંણીને દાસજો;
અલબેલી આશા પુરે છે તેહની,
મણીરામ જન દેવી રાખો પાસજો. નમો નમો૦ ૫

પદ ૨ જું.

શેવો શેવો શકિત શાણા શ્રંમથી,
નારાયણી નરહરી નાંણી એક રૂપજો;
શિવ શકિતમાં ભેદ શાણા કાંઇએ નથી,
જાણો જથારથ જનનો ત્રીલોક.સુપજો. શેવો૦ ૧
બ્રહ્મા ભાવથી ભજતા શ્રી ભવાનીને,
શિવજી સરખાં ધરે શકિતનું ધ્યાનજો;
વિષ્ણુ રૂદે વાસ વરયાં છે પરમેશ્વરી,
નારદ નિત્યે નારાયણીનું કરે ગાનજો. શેવો૦ ૨
શેષ સનકાદીક શ્રુતિ સર્વે વર્ણવે,
મહીમા મંમાયાનો મોટો જાણજો;

જગત બિજ જનુની નિશ્ચ જાણવાં,
સંસાર સર્વે શક્તિનું નિરમાણજો. શોવો૦ ૩
બ્રહ્માણીમય બ્રંહ્માંડ સર્વે જાણજો,
બ્રહ્મ રૂપ ભવાની ભાળો ભાઇજો;
બ્રહ્મ થકી બ્રહ્માંડ થકી ભાઇ ઉદે થયું
સમજી શરણું શક્તિનું લ્યો સાઇજો. શોવો૦
ત્રીભોવન તારણ ત્રણ લોકની માત છે,
શરણે જયે શક્તિથી સુખ થાય જો;
માટે મંમાયા શરણે મણોરામ છે,
દેખી દયા કરીને કરજો સાયજો. શોવો૦ ૫

પદ ૩ જું.

વિશ્વભરી વાસ વસો મુજ મન વિષે,
નિર્મળ કરો નારા યણી નિજ જંન જો;
દામી દાસ દયાનિધી કરૂણા કરો,
શેવક જનને સુરતે થઇ પરસન જો. વિશ્વંભરી ૧
અજ્ઞાનીને જ્ઞાન આપો પરમેશ્વરી,
મોહ મદ માયા મનથી કરાવી દુર જો;
ઘો દાવો દુર્ગા ભજવાનો પ્રેમથી,
દહાડો કુમતિ ભાષ્યપણું જે કુર જો. ;વિશ્વંભરી૦ ૨
નષ્ટ નજર નંદીક નવ નજરે પડે,
અસખેલી અંખા આપો હવે સુબુધ્ધ ને;

હું આવ્યો અલબેલી આધાર તાહરે,
સાવીત્રી શકિત કરો મુજને શુદ્ધજો. વિશ્વંભરી૦ ૩
ભૂતળમાં ભવાંની ભટકયો ભમે ઘણું,
ઠરવાનું ઠેકાણું ના મળે ઠીકજો;
જયાં જયાં જાવું જનની જોવા જેટલે,
માયાપાસની મંમાયા લાગે બીકજો. વિશ્વંભરી૦ ૪
સુઝે ના શકિત સર્વ પ્રકારનું સુખ કંઈ,
મન મહારૂ ચોટયુ મંમાયાના જોખેજો;
શર્ણે રાખો શકિત જાણી શેવકને,
મણીરામનું મન માન્યું છે ગોખેજો. વિશ્વંભરી૦ ૫

પદ ૪ થુ.

ઇશ્વરી ઇંદ્રાક્ષી ઈચ્છા પુર્ણ કરો;
સલખનપુરની શકિત કરજો મહેરજો,
હું રંક આવ્યો અલબેલી હવે શર્ણમાં;
ભાળો ભવાની ભકતને આનંદ લેરજો. ઇશ્વરી૦ ૧
કષ્ટ કાપ્યાં છે કંઈકનાં કરૂણા કરી,
મહીમા મંમાયાનો મોટો કળી માંયજો;
ઘોડીનો ઘોડો કીધો ક્ષણ એકમાં,
સ્વાનને સુરતે નાર બની નર ત્યાંયજો. ઈશ્વરી૦ ૨
વિમળને વરદાન આપ્યું અંબીકા,

નારાયણી નૌકા તાર્યું નિર માંયજો;
સાહ્ય કરો શેવકને શક્તિ અતિ ઘણી,
ગુણ ગરવો ગિરજાનો નવ ગણાયજો. ઇશ્વરી૦ ૩
ચંડ મુંડને માર્યા ચતૂરા તેં ગણી,
શેવક જનની સુરતે કરી સંભાળજો;
મહિસાસુર મર્દન કર્યા વળી માત તેં,
દેવની રક્ષા દયાળી કીધી તતકાળજો. ઇશ્વરી૦ ૪
એમ અલબેલી આવો મમ સંકટ સમે,
કર પસારી કરઅરૂ કરૂણા નિવાસજો;
મણીરામ જન દેવિ પોતાનો જાણીને,
પૂર્ણ કરો પ્રેમે અલબેલી આશજો; ઇશ્વરી૦ ૫

પદ ૧લુ રાગ સોહણી.

કોણછે કળીમાં સાચું
બાળા વીના કોણ છે કળીમાં સાચુ. ટેક.
ત્રીભોવન તારણ તહારો છું શેવક,
અંન્યને અલબેલી ના જાચુ. બાળા૦ ૧
જકત જનુની જકત એ અંબા,
બાઇ વિના બીજું સહુ કાચુ. બાળા૦ ૨
પ્રેમે જેણે પોષણ કરી વાળ્યાં,
તેને પલ્લે જઇ બાઝુ. બાળા૦ ૩

જઠરાગ્ને જનુનીએરે જાળવ્યો,
ભબરવાળીના બળે ગાજુ. બાળા૦ ૪
સદા શેવક શકિતશુ તહારો,
નામી શિષ નારાયણી નાચુ. બાળા૦ ૫
મણીરામ કહે જે બાળાને ના શેવે,
બાળજો તેનું ડાચુ. બાળા૦ ૬

પદ ૨ જુ

બાળા તણી લહે લાગી,
મારે મન બાળા તણી લહે લાગી. ટેક.
બહુચર બાળી એ દિન દયાળી,
રાણું લેવું શક્તિ માગી. મારે૦ ૧
ત્રીભોવન તારણ અધમ ઓધારણ,
ભજતાં ભાવટ ભાગી. મારે૦ ૨
ભકત વત્સળ ભવાની મન ભાવે,
ભકિતયે ઉલટ જાગી. મારે૦ ૩
મન મહારૂ માજી તુજમાં પ્રોયું,
જાણુ રહું સંસાર ત્યાગી. મારે૦ ૪
અવિચળ અભેપદ અલબેલી આપે,
માજી એવાં છો અનુરાગી. મારે૦ ૫
મણીરામ તહારા દાસનો દાસછે,
ભકિત લેવું ભવાની માગી. મારે૦ ૬

પદ ૩ જુ

દયા કરોને દયાળી
દાખોદાસ દયા કરોને દાયળી. ટેક,
કામી ક્રોધી કપટી હું કહાવું,
કૃપા કરજો મેંહાકાળી; દાખી૦ ૧
ભુલો ભમુ ભવાંની હું ભવમાં,
ભાળો ભકતતમારો બાળી; દાખી૦ ૨
શિલગુણી શકિત તહારો છું શેવક,
સાહ્ય કર ચુંવાળવાળી; દાખી૦ ૩
કેમ કરી કરૂણાનિધી કરૂ બંદગી,
બુધ્ધિ બતાવો બહુ સારી; દાખી૦ ૪
ત્રીભોવન તારણ ત્યાગીજ થઇને,
ઝટપટ મળુ લટકાળી; દાખી૦ ૫
મણીરામ ગાયત્રી જાપ જપીને,
બાળાનું શર્ણૂ લે ઝાલી; દાખી૦૬

પદ ૪ થુ

શાહ્ય કરો શકિત મહારી,
શર્ણુ રાખો શાહ્ય કરો શકિત મહાર ટેક
શર્ણે આવ્યો છું શકિત હું તહારે,
અધમ ઓધારણ ધારી- શર્ણુ૦ ૧
તું બ્રહ્માણી ભગવતિ ભારથી,

ભવાની જાવું તને વારી; શ૦ ૨
દાસનો દાસ દયાળીરે દાખી,
બાંહ્ય ઝાલો બહુચર બાળી; શ૦ ૩
અંબા બહુચર સુણો મહાકાળી,
શર્ણે આવ્યો શકિત તહારી; શ૦ ૪
ભકિત અવિચળ માગુ ભવાની,
દુરમતિ દુષ્ટ વિસારી; શ૦ ૫
મણીરામ દેવિ શરણે આવ્યોછું,
નભાવો નારાયણી ન્યાળી; શ૦ ૬

ગજલ ૧ લી

શર્ણે રખો તુમ મંમાયા,
દિન દેખો ચર્ણમાં આયા;
પરછા તેરા જાુગમાં પાયા,
ચર્ણ શર્ણ દિન હો ધાયા; ટેક
મેરેમેં કામ ક્રોધ ભારી,
ભયા ખોત દુષ્ટ દુરાચારી;
માઉં કયા ગતિ હોયગી મહારી,
સુજે ના કુછ દયારી. ૧

દયાળી દિનકી કહાવે,
મેરે મન બોહોત તુ ભાવે;
દાસ જાન મીજેકું ચહાવે,
શર્ણું રખો મૈયા તુમ હાવે. ૨
ભયા માજી બહોત દીવાના,
સાર કછુ નહીં મેં જાના;
અબ કોન મેરા ઠેકાના,
દયા દિનકે ઉપર બાના. ૩
જેસા તેસા જાનકે અપના,
કલીમળ દીનકે કપના;
દેના દરશન દાસકુ સ્વપના,
દાસ અપના કરકે થપના. ૪
સચી માત જકતમેં નરણી,
લીયા શાર્ણા માતકા ધરણી;
મણીરામકો દેખો ના કરણી,
શેવા દેના દાસકુ ચરણી. ૫

ગજલ ૨ જી

ખાસ ગછહે મનમેં, લગા દિલ ઉનકે ચનમેં;
અવરકુ દેખુ ના તનમેં સચરાચર વ્યાપક છનમે. ટેક.

એસી માત બહુચરા જાની, જગતમેં એક પીછાની;
જેસા રૂપ એસો ગુન ખાંની, બ્રહ્માની રૂદ્રાની ઈદ્રાની. ૧
સબી એક રૂપે હે દેવિ, યારો જયોને ઉનકું શેવી;
કષ્ટ નિવારણ ઉસસે કહેવી, ઉનકુ છાંડ મત દેવી. ૨
ભજો ભાવસે તો તુમ યારો, મૈયાકુ મત બિસારો;
દેખો બાળકાજા દેદારો, જીને જઠરાસે ઉગાર્યા, ૩
પ્રેમે પાલકે જન્મ દિયા, રખા તેરા જતનસે જીયા;
ઉનુકા સ્મરણ નહીં કીયા, અભેદાન ક્યું નહીં લીયા. ૪
સમજજા અબ સેલાની, એસા ક્યું હોતા બેમાની;
મણીરામ સુમરલે જાની, મંમાયા માત પેછાની, ૫

ગજલ ૩ જી

દરશાન દેના દાસકુ મૈયા, પડુ માત જાનકે પૈયા;
જેસા તેસા જાનકે લૈયા, તુમારે ચરનુંમે મૈયા.. ટેક
લાયા કીતે શેવક ઉગારી, મીજે તો દીયા હે વિસારી;
અબ કયા ગતિ હોયગી મારી, સુનો મૈયા અર્જ દિલ ધારો. ૧
કીયા તુને રંકકે રાજે, રખોદાસનકો લાજે;
ધાવે માત ભકત કે કાજે, મીજેકુ શર્ણ લેના આજે. ૨
ભયા દિન દામિણા માતા, મીજેકુ કુછ નહી શાતા;
તુમ હો જગતકે ત્રાતા, દેના દરશાન હો દાતા. ૩

ભરોસા તેરા મોજે ભારી, મેરેકુ લેના સંભારી;
મેરે શીરપર હો મતવારી, ભયા દુખી મેં મૈયા ભારી. ૪
આંખો જરા મીજેકુ દેવિ, ચરન શરન શેવા ના દેવી;
મણીરામ દિલસે શેવિ, ભક્તિ ભવાની કેસે લેવી. ૫

ગજલ ૪ થી.

મેરે મન બહુચરા બાઇ, અંતરકુ જાચુ નહી આઇ;
સચી માત મંજેકુ પાઇ, રહ્યા શરન ઉનકા સાઇ; ટેક
મૈયા સચરાચર વ્યાપી, જગતમેં નામ ખોત થાપી;
ભકતનકુ વર દે આપી, ઉધારે કોઇક જનું પાપી. ૧
અંદોકી આંખ કીની સારી, પાંગુળકુ પાય દેનારી;
એસી મેરી મૈયા મતવારી, ચુંવાળમેં આસન હે ધારી. ૨
નારીકા નર ઉને કીયા, અભેદાન ઉનકુ દીયા;
અસુરકુ માર ખોત દીયા, ઉનુકા તાન લીયા જીયા. ૩
એસી માત બહુચરા કહાવે, જગતમાં પરછા દીખલાવે;
સુર મુનીવર ગુન ગાવે, ઉનુકા ભેદ નહી પાવે, ૪
દયાળી દીનકી માતા, દરશાનસે હોતી હે શાતા;
મણીરામ ચરણુમેં જાતા, ગાયત્રી મુખસે ગાતા. ૫

રાગ ગોડી.

બહુચર બાઇ હું શર્ણું આવ્યો તીહારે. ટેક.
પળ પળનો તો હું અપરાધી, ક્ષમા કરો મોરી માઇ; બ૦ ૧
મન વૃતિ તુજમાં નવ રાખી, ભટકયો ભૂતળ માંહી; બ૦ ૨
કામ ક્રોધ લોભ મદ ભરેલો, સુજે ના સુકૃત કાંઇ; બ૦ ૩
માજી મનમાં હું પસ્તાવું, પલ્લો તુજ લેવું સાઇ; બ૦ ૪
શર્ણે આવું ગાયત્રી જપીને, મણીરામ કહે ગાઇ; બ૦ ૫

રાગ ગોડી.

પુજા સાયંકાળે બાળા માની લીજે. ટેક
ગંગોદકે કરી સ્નાન કરાવું, ચરચ્યું કુમકુમ ભાળે; પુજા૦ ૧
પુસ્પના હાર કંઠે સમરપુ, ઘાલુ મોતીયન માળે; પુજા૦ ૨
ધુપ દીપ નૈવેદ ધરૂ મા, મધુ અર્પુ પ્યાલે; પુજા૦ ૩
કરપુર આરતિ તહારી ઉતારૂ, માની લ્યો દયાળે; પુજા૦
મણીરામ તું પુજન કરીને, ગાયત્રી ગા લે; પુજ

રાગ ગોડી.

બાળા બાંહી ઝાલો દિન જાણી મહારી.
કલ્યાણ સાધન કાંઇ નવ કીધું, ભુતળમાં ’

દ્વારાશુ દિલ દેઇને રમીયો, કુમારગ ચાલ્યો; બા૦ ૨
ભજન ભવાનીનું મુને ગમ્યુ નહીં, રાગ રંગમાં મહાલ્યો; બા૦૩
સાર અસાર ના જાણું કોઇ, જન્મ ધર્યો ઠાલો; બા૦ ૪
મણીરામ કહે માજી પસ્તાવું, ભાવે ભવાની ભાળો; બા૦ ૫

રાગ ગોડી.

ભરપુર વ્યાપી બાળા જગ માંહી. ટેક
સચરાચરમાં શકિત વશી છે, નામ ઘણાં થાપીં; ભ૦ ૧
ચંડી બહુચર અંબારે જપતાં, નાખે કળીમળ કાપી; ભ૦ ૨
અસુર નિકંદન સુર સહુ વંદન, દુષ્ટ નાંખે કાપી; ભ૦ ૩
ભકતને ભવાનીરે ભાળે, વરદાન દે આપી; ભ૦ ૪
મણીરામ ગાયત્રી જાપ જપીને, શરણુ લે માપી; ભ૦ ૫

રાગ ઝીંઝોટી.

તુ તે નારાયણી જનુની, શર્ણુ આવ્યો તહારે. ટેક.
ણી તુ રૂદ્રાણી, તહારો આધાર મહારે;
ગાઇ ગરવો, આવું તહારે પારે. નમો૦ ૧
નો જાણો, દાસનો દાસ નિભાવો;
મનો હરીયે, દાખી દાસનો દાવો. નમો૦ ૨
ાહી, જુગમાં જાણો ધુતારો;

જેવો તેવો પોતાનો જાણી, માજી પાર ઉતારો. નમો. ૩
રાખું હૃદયમાં હું રઢીયાળી, શરણું બાળાનું પામું;
અલબેલી આશા પુરજો મહારી, મણીરામ શીષ નામુ. નમો૦ ૪

રાગ ઝીંઝોટી.

તુજ અકળ કળા ના કળાણી, બહુચર મા બરદારી. ટેક
વેદ શ્રુતિયે વર્ણવી તુજને, મહીમા નવ કહેવાયે;
હરીહર બ્રહ્મા સરખા સેવિ, લાગે તહારી પાયે. તુજ૦ ૧
સુર મુનો સનકાદિક તને શેવે, ત્રીગુણાત્મક જાણી;
ભૂત ભવિષ વર્તમાને વ્યાપી, ચાર યૂગની રાણી. તુજ૦ ૨
નિરાકાર સાકાર તુ કહાવે, અકળ કળાએ વ્યાપી;
તેજોમય ત્રીભોવન તારુણી, પૃથ્વી પ્રેમે થાપી. તુજ૦ ૩
પ્રેમે પ્રછો સાહ્યજો તહારો, મહા અતિ સુખ પામે;
દાસનો દાસ થઇને દેવિ, મણીરામ શીષ નામે. તુજ૦ ૪

રાગ ઝીંઝોટી.

મૈયા મહારૂ મન અર્પણ કીધુ, ચરણ કમળની આશે
નામુ શિષ નારાયણી જનની, સચરાચર તુજ ૦
દુષ્ટ દાનવમાં ત્રીભોવન કેરા, માજીને હાકે ત્રા
શુંભ નિશુંભ મહીમાસુર માર્યા, દેવનિ ચિ
હરીહર બ્રહ્મા સૂરપતિ આદે, શરણે સહુ

ભકત તણા ભવાની ભય હરતા, ભકિત ભાવથી ભાળી;
કોટી જનમના કળીમળ કાપો, શરણું દો છો દયાળી. મૈયા૦ ૩
ભકિત ભાળી ભવાની મૈયા, બાળા તુજ મન રાચે;
મણીરામ દુર્ગા જપીને, શર્ણે આવ્યો સાચે. મૈયા૦ ૪

રાગ ઝીઓટી.

મેરે મનમેં બસ ગઈ મેયા, બહુચરમાં બરદારી. ટેક.
તુ સરસ્વતી મહાકાળિ દેવ, મૈયા આરાસુરવાળી;
તુળજા તોતળા ભવાની ચંડી, આશાપુરી દયાળી. મે૦ ૧
જેસા કાર્ય કરો તુમ મૈયા, એસા રૂપ તુમ ધારો;
ભકત શાહ્ય ભવાની કરતે, દુષ્ટ દાનવકુ મારો. મે૦ ૨
વેદ પુરાણ ખટ શાસ્ત્રકે માંહી, મહીમા તેરા ભારી;
શેષ મહેશ કો પાર ના પાયે, અસુર નિકંદન વારી. મે૦ ૩
ારદ સારદ સબ ગુન ગાવે, મહાલક્ષ્મી મંમાયા;
મણીરામ દુર્ગા જપકે, ચરન કમલમેં આયા. મે૦ ૪

ઠુમરી ૧લી.

ાહ્યરા, બાળા ત્રીપુરાની બાંહી ઝાલોરે. ટેક.
લેશું જગમાં, કાંઇક બિચારી ચાલોરે; સ. ૧
ા ગુમાવે, મમત કરે મનથી ઠાલોરે. સ. ૨
ાવ્યો પ્રત્યક્ષ પારણું ભાળોરે; સ. ૩

ભાન વિના ભુલે છે તુ તેને, મીથ્યા માયામાં માહાલોરે; સ. ૪
જનુની વોના જીવ્યું વૃથા તહારૂ, હાથે કરી ધુળ ઘાલોરે; સ. ૫
હિરો મુકી પથર શું ઝાલે, આવડો સંસાર વહાલોરે; સ. ૬
મણીરામની માતા છે બાળા, ગરવા ગુણ તેના ગા લોરે; સ. ૭

ઠુમરી ૨ જી.

દિન જાંણી દાસને, શર્ણે રાખોને માજીરે. ટેક.
હું અપરાધી પળ પળનો છું, પરપંચી પુર્ણ પાજીરે; દિ૦ ૧
કલ્યાણ સાધન કાંઇ નથી કીધુ, માજી ના કર્યાં રાજીરે; દિ૦ ૨
હું પદ હંકાર ભરીયો મુજમાં, ચઢયો જમને તે વાજીરે; દિ૦ ૩
માત શેત્રામાં ગુગાણું બોલુ, રામાશું બોલુ ગાજીરે; દિ૦ ૪
પુન્ય નેમમાં નથી ફર્યોમાજી, રહયો માયાને બાઝીરે; દિ૦ ૫
કોણ ગતી હવે મહારીરે થાશે, પુછુ કોણ એવું કાજીરે; દિ૦ ૬
મણીરામનું મન માજીશું માન્યુ, ગાઉ ગાયત્રી જાચીરે; દી૦ ૯

ઠુમરી ૩જી.

મહેર કરોને માહરી, બાળા ઝાલોને બાંહીરે.
ભારે ભવાનો ભુતળમાં ભટકયો, સાર દીઠો ના કાં
મહારૂ તહારૂ મેં મીથ્યાજકીધુ, ડુબ્યો સંસાર '
માત તાંત સુત દારાને ભગિન, સ્વારથની
અંત્ય સમે કોઇ કામ ના આવે, આધુ રે

નિશ્ચે કર્યૂં નારાયણી મેં તો, માયા મોહ દુખ દાઈરે; મહેર. ૫
અંક અલબેલી વસ્યાછો મનમાં,બેઠોછુ પલ્લો સાહીરે; મહેર. ૬
મણીરામ તારી સ્તુતિ કરેછે, ગાયત્રીના ગુણ ગાઈરે; મહેર. ૭

ઠુમરી-૪ થી.

આ માતા બહુચરા, શર્ણ આવ્યાને તારોરે. ટેક
જેવો તેવો પોતાનોરે જાણી, દયાનીધી દયા ધારોરે; આ. ૧
શેવક કેરી જોશો ના કર્ણિ, પાપનો ના આવે આરોરે; આ. ૨
મનથી મહેર કરોને મંમાયા, હુંછુ પાપી ધુતારોરે; આ. ૩
દોષ ગુણ જોશો માજી મહારા, નિશ્ચે જઈશ હું માર્યોરે; આ. ૪
દાસનો દાસ જાણી દયાનીધી, કરો પાપથી ન્યારોરે; આ. ૫
દુખી થઇ ફરુ આ દુનીયામાં, લાગ્યો સંસાર ખારોરે; આ. ૬
મણીરામ તહારે શર્ણ આવ્યો છે, દયાનીધી ઉગારોરે; આ. ૭

પરચુરણ પદ.

પારણું

કુવરને ધૂંમડી વાલો,
ગાબાળાને અજોળોજો હાલોરે. કુ૦ ટેક.
યશોમતી કૃષ્ણને ઝુલાવે,
ને લાડ લડાવેરે. કુ૦ ૧
સુવાડ્યા પારણે,

ગોપી આવે ઝુલાવવા કારણેરે - કુ૦ ૨
ગોપી ગોવિંદને ઘણુ ચહાતાં,
મીઠે સ્વરે હાલરડુ ગાતાંરે. કુ૦ ૩
અળોળોળો હાલો યશોદાના જાયા,
ઘણુ ગોપીયોને લાડકવાયારે. .. કુ૦ ૪
પોઢો પોઢો પ્રીતમ પારણે,
વિજશાણી તમ વારણેરે. • કુ૦ ૫
હિરા રતનનું પારણું શોભે,
તેના તેજે દિનકર થોભેરે. કુ૦ ૬
તેમાં પોઢયા છે સુંદર સામળીયા,
વ્રજવનિતા જોવા મળીયરે. કુ૦ ૭
સોહ્યલો વરત્યો છે નંદ ઘેરે,
ગોપી ગાય છે આનંદ ભેરેરે. કુ૦ ૮
સહુ હરખે ગોરીયો ઝુલાવે,
લાડકવાયાને ઘણું બોલાવેરે. કુ૦ ૯
ગાઉ હાલરડાં ઘણાં સારાં, .
અળોળોળો પ્રીતમ પ્યારારે. કુ૦ ૧૦
ગોપી લાવે છે મટકાં મહીનાં, .
કીધાં છાંટણા ત્યાં તો દહીનાંરે. કુ૦ ૧
ગોરી આવે કુમકુમ કચોળે,
વ્રિજ નારી થઇ સહુ ટોળેરે.
ગોરી હર્ષે હરીને બોલાવે,

હરીને થે થે નાચ નચાવેરે. કુ૦ ૧૩
લાડ લડાવે લાલને જોવે,
કીલકારોથી હસ્તા તેવેરે. કુ૦ ૧૪
પ્રભુ રડે ઉવાં ઉવાં જયારે,
ખમા ખમા કહેતી સહુ ત્યારેરે. કુ૦ ૧૫
યશોમતિ તે હરખે બોલાવે,
ઘણા હેતે પ્રભુને ધવરાવેરે. કુ૦ ૧૬
માતા ગાય અળોળોળો હાલો,
મણીરામનો એ છે વાહાલોરે. કુ૦ ૧૭
પ્રેમ ધરી હાલરડું જે ગાશે,
તેના દેહીના પ્રાશ્ચિત જાશેરે. કુ૦ ૧૮

પદ.

બારણે આવ્યો હાઉ. મારા બાળ, બારણે આવ્યો હાઉ
તહારે બારણે રમવા ના જાઉ મારા બાળ. ટેક.
રમાં રમો તમો બાળજ મહારા, દુધને સાકર પાઉ;
ગા વિષે પોઢો કૃષ્ણજી, હાલરડું તને ગાઉ. મારા૦ ૧
ગ વિનાનો હાઉડો આવ્યો, મુખથી કહે બાઉ બાઉ;
લાડકો આવે, એને હું ઝાલી જાઉ. મારા૦ ૨
સુઈ રહેને, હું તો તુજને ચહાઉ;
રણા વિશે, બોલાવું હવડાં ક્યાઉ. મારા૦ ૩
ા ઉઠશો, આપીશ ખાવા બાઉ.

હુંધી જાવો માહારા લાડકવાયા, હાલરડુ હલાઉ. મારા૦ ૪
મણોરામના રશીક બાહારી, હેમની દોરી સાઉ;
અળોળોળો હાલો અળોળોળો હાલો, કરો હાલરડુ ગાઉ. મારા૦૫

પદ

જીવ તુ જપી લેને જુગદીશ, માનજે મરણ ભમેછે શીષ; ટેક
માનજે મર્ણતો માથે ભમે છે, યમદુતથા ક્યારે બીશ;
દિલ દઈ આ દુનીયા વીષે, કુદે તુ જેમ કીશ. . જીવ૦ ૧
ગુમાર ગોથાં માયામાં મારે, કહેતાં તને ચઢે રીશ;
માન મુરખ તુ મનથી મહારૂ, હરીને ક્યારે ભજીશ. જીવ૦ ૨
જન્મ જથારથ એળે ગુમાવે, વર્ષ થયાં દશ વિશ;
હરીની હાથમાં મુઠી ના કીધી, મુકી દે ખોટી ટીસ. જીવ૦ ૩
યમ આવી અલ્યા તને મારશે, પાડવી પડશે ચીસ;
છોડાવવા છેશ કો નહી આવે, સમજી ભજન માં ખિશ. જી૦ ૪
કરણી તેવી પાર ઉતરણી, માટે ભજ ભવ ઈશ;
સંત સમાગમે સાહ્યજ થાશે, પ્રભુના પદ પામીશ. જી
હરી ભજન કરો જીવજ મહારા, ચર્ણામૃત પ્રામીશ;
મણોરામ ભવનીધીને તરશો, સંત સમાગમ લીશ.

પદ.

નામ નારાયણનું સાચું, સુણો ભાઇ; નામ
નારાયણના નામ વિના નર, જાણજો સં

સુર મુનીવર કહે વેદપુરાણે, વહાલાનું વખાણ વાંચ્યું. સુ૦ ૧
ભાવે ભાખો ભગવાનની ભક્તિ, વાહાલે વહાલા હું જાચ્યું;
જનુનીનો જઠરાયે જાળવીયો, વીચાર વીરા તુ પાછુ. સુ૦ ૨
ભજ ભૂદરને ભાવથી ભાઈ, મુકો મનથી તુ તો ચાં ચ્યું;
સમજ સંસારી શાણા ઝટપટ, શું કહુ હું તો ઝાઝુ. સુ૦ ૩
પ્રહ્‌લાદે પ્રેમે પ્રભુનેરે ભજીયા, કુટંબ સહોદર તાજ્યું;
ધ્રુવને ધ્યાને ધર્ણિધર આવ્યા, માન સંસારી સાચું. સુ૦ ૪
સામળીયાનું શર્ણુ સાહ્યુ નહી, ભક્તિથી મન નવ રાચ્યું;
મણોરામ કહે વીમુખરે જનનું, બાળો સંસારી દાચુ. સુ૦ ૫

પદ.

વિષ્ણુવ વહાલો પ્રભુનેરે, હરીજન વહાલો પ્રભુનેરે;
સમજો સર્વે દિલમાં વિષ્ણુવ. ટેક
અર્થ કામને મોક્ષ જે સાધે, દયા ક્ષમા મન આણે;
ᐧનળમાં ભક્તિનું પદારથ, ચિત્ત વિષે જે નાંણે. વિ૦ ૧
વડે અમરાપુરી પામે, ભક્તિ સ્વર્ગે નાંહીં;
નો ભૂતળને વિષે, મુક્તિ દાશો કહેવાઈ. વિ૦ ૨
ખટ શાસ્ત્રને વિષે, ભક્તિ પદારથ મોટું;
ભક્તિ નત્ર પામે, અન્ય સાધન સહુ ખોટું. વિ૦ ૩
ી થઈને, મુક્તિ રહે નિત્ય પાસ;
નો, હમેશાં છે વાસ. વિ૦ ૪

છેલ છબીલા રાધાવરના, શર્ણાથી સુખ થાય;
મણોરામના સ્વામી વડેથી, વૈકુંઠમાં જવાય. વિ૦ ૫

પદ.

તુમ કહો ભાઇ મેરે કૈલાસ વાશી; ટેક.
કૈલાશ વાશી કરૂણા રાશી, જેજે શ્રી અવીનાશી;
નંદી સ્વારી ત્રીસુળ ધારી, જટામાં ગંગા કાશી. તુમ. ૧
વિષધર અંગે ઉમીયા સંગે, ભોળો શ્રી કૈલાશી;
અપવર્ગ વાશી અતી સુખ રાશી, વિસ્વેશ્વર અવિનાશી. તુમ ૨
ડાકુજ વાગે ભવ દુઃખ ભાગે, બદ્રીશ્રમ કાશી;
ભય ભંજન દેહ નિરંજન, લેલાટે નવ રાશી. તુમ૦ ૩
હર હર દેવા ત્રી નેત્ર એવા, સચ્ચિદાનંદ સુખ રાશી;
હરજીત કામ કહે મણોરામ, જે જે શ્રી અવીનાશી. તુમ૦ ૪

પદ

હવે ભજન કરવું છે ભાઈ મહારે, હવે ભજન કરવું
સાર ના દીઠો સંસાર વિષે કાંઇ, કાળને હાથે મરવું
સ્વારથનું સહુ સંગીરે હોકુ, હવે હરીથી ડરવું
માત પિતા સુત દારા ને ભગિન, રણાર સંબંધે
કાહુ માયામાં માર બહુ ખાધો, સત્ય સંગતે
કામ ક્રોધ લોભ દુર કરીને, પરમારથે

મનથી મજા માણી સંસાર કેરી, સાર જોતાં વરવું છે. ભા૦ ૬
ભટકાં મારો ભવ સાગરમાં, અંત્યે ચહેમાં બળવું છે. ભા૦ ૭
અજ્ઞાનપણામાં કાળ ગુમાવ્યો, સત્ય મારગે લટવું છે. ભા૦ ૮
મણીરામે અજ્ઞાનતા છોડ્યું, ધ્યાન હરીનું ધરવું છે. ભા૦ ૯

પદ

દ્વારકાં પતિ ભગવાન, મહારે માથે, દ્વારકાં પતિ ભગવાન. ટેક
ઈસ નહી મહારે વિશ્વનાથ વિના, માગુ તેની પાસે માન. મ૦ ૧
શ્રી ગીરધર તમ ચરણ શરણ છું, હસ્ત ગ્રહોરે નિદાન. મ૦ ૨
પાપ અણુમાપ ત્રયતાપ સંતાપ સહુ, કાપવા બાપ કરૂણાવાન. મ૦૩
સર્વ સાધન રાજન અભોધન તત્ર, અન્યથો પ્રસન નહી જાન. મ૦૪
દામ ધામ તન વામ શું કામનુ, વિશ્રામ નહી હરી ધ્યાન. મ
તહારો હું દાસ તુજ પાસે રહુંછુ. ઈચ્છુ કુંવૈઠ સ્થાન; મ૦ ૬
અચળ ભકિત સંત સમાગમ આપો, જકતથી દુર નિદાન. મ૦ ૭
ણીરામ શેત્રકપર દયા કરજો, ટાળો મહારૂ અજ્ઞાન. મ૦ ૮

પદ રાગ ગોડી

કા, તું મહાબલી કહાવે. ટેક.
ઉદ્દભવ્યો છે, શિવ વૃજ નહીં શંકા; હ૦ ૧
ભણી સાહયો છે, સુર હાર્યો બંકા; હ૦ ૨
ન કહાવે, પરજાળી લંકા; હ૦ ૩
શીરોમણ, તેલ સિંદૂર અંગકા; હ૦ ૪

પદ રાગ ગોડી

વિઘ્ન હરન ધીશા, તુ મહા ભય હારો; ટેક.
દક્ષ તનયા સુત ગજાનન, શુભ પગરન ઈશા; વિ૦ ૧
ચત્રુભુજ સુંઢાદંડ સ્વામિ, જે જે ગણદીશા; વિ૦ ૨
ત્રીસુળ મોદીક કર ગ્રહ્યા છે, મુગટ ધર્યો શિષા; વિ૦ ૩
શિંધૂર અંગે કરમાં માળા, પંચામૃત પીશા; વિ૦ ૪
મણીરામ કહે તહારો જાપ જપીને, ભકિત માગી લીશા; વિ૦ ૫

પદ રાગ ગોડી

મહાદેવ દેવા, હું શર્ણે આવ્યો તહારે; ટેક.
કૈલાશવાશી કરૂણા રાશી, શિવ નામી કરૂ શેવા; મહા૦ ૧
ગંધાક્ષત કરી બીલી ચઢાવું, અભેપદને લેવા; મહા૦ ૨
ધુપ દિપ નૈવેદ કરૂતો, પામુ મીઠાઈ મેવા; મહા૦ ૩
કરપૂર આરતિ તહારી ઉતારૂ, દ્યો દરશાન દેવા; મહા૦ ૪
મણીરામ તહારે સ્વાધીન થઈને, ભજે ભોળાને દેવા; મહા૦

પદ રાગ કાફી

ભવમાં ભટકયો ભારેરે, શર્ણે રાખો શામ ધણી;
હુય થય હાવાંરે, તમે છો માથાના મણી;
પાપનો ભરેલો હું તો છું પ્રાણી, શર્ણે રાખો
પાછળથી હું તો પસ્તાવું, આપો ચરણ

પોતાનો ગણી મુજનેરે, નાંખો ફીલમીશ હણી. ભવમાં૦ ૧
કર્ણું જો જોશો પ્રભુ મ્હારી, ત્યારે નહીં આવે પાર;
દયાનિધી તમે દયા લાવિને, ચઢોને મ્હારી વાર;
હું છું અપરાધીરે, જુવો જરા મુજ ભણી. ભવમાં૦ ૨
આશા ભર્યો અવીનાશી હું આવ્યું, રંક થઈને આજ;
શર્ણું આવ્યોછું શામ તમારી, કેમ બગડશો કાજ;
ભરૂસો મને મોટોરે, પાવન કરો પાપ ખણી. ભવમાં૦ ૩
પોકાર સુણીને પાપો કેરો, દયા કરો શ્રી રણછોડ;
એક વાર ઝાંખો જરી મુજને, પહોચે મ્હારા કોડ;
કરીને હાથ ઝાલોરે, મણીરામ પોતાનો ગણી. ભવમાં ૪

પદ

કૃપા કરજો કૃષ્ણરે, રંક જાણી વારે ચઢી;
મુઝાવુંછું મનમાંરે, ભુલે ભવ કુપમાં પડી. કૃપા૦ ટેક
પર દરીયામાં બુડયો ઇશ્વર, આવીને ઝાલો બાંહ્ય;
ા મારે મુજને મસ્તાની, મ્હારી શિ વલે થાય;
નેષ્ટ જાણીરે, તોયે દેખુ આગળ ખડી. કૃપા૦ ૧
ને જડે નહીં મોહન, છુટવા માયાપાસ;
ગાંડાની ગોડે, બાંધ્યો માયારૂપી રાશ;
હાથે નાંખો હાથકડી. કૃપા ૨
પ ઘણુ શાહેવું, રૂચે નહી પ્રભુ મંન

મોહ બળે બાંધ્યો કરી મુજને, ભજાય નહીં ભગવંત;
હાથે પગે બાંધ્યોરે, પ્રભુ હેડ ક્યારે ઘડી. કૃપા૦ ૩
મોહ માયા મમતાએ બંધાયો, છોડો છબીલા તે બંધ;
દારૂણ દુઃખમાં શિદ ડુબાડો, તારો તમારો અંધ;
કરગરો કહુછુંરે, મણીરામ તુને રડી. કૃપા૦ ૪

પદ રાગ કાફી.

અનુભવ ઉઘડોયોરે, ત્યારે ઓળખ્યા સમરથ ધણી;
સાર સાચો જડોયોરે, ભજન રૂપી મોટો મણી. અનુભવ૦ ટેક.
બાળપણામાં બહુ બહુ પાપી, ભરોયો દુરાચાર;
અધીક અજ્ઞાનપણું વ્યાપેલું, સમજું ના સાર અસાર;
મદ માથામાં ભરીયોરે, ચાલ્યો સહુને તુચ્છ ગણી. અનુભવ૦ ૧
નાત ગણી નહીં જાત ગણી નહીં, ના ગણ્યાં મા ને બાપ;
ગર્વંત ગોડે ઘણુંએક ભમીયો, રાખ્યું ન કોઇનું માપ;
એવો હું મસ્તાનોરે, વહેતો મુકયો માયે જાણી. અનુભવ૦
માનું નહિં મમતથી હું કોઇનું, સહુને ગણતો તુચ્છ;
બની ઠણી ફરૂ બાવરા જેવો, વાંકડી રાખો મુછ;
કોઇ શીખ આપેરે, ત્યારે કરતો આગી ટણી. અ
ગુરૂ સાચા મળ્યા મુને જ્યારે, દિધો ઘણો ઉપર
અજ્ઞાન ટળીને જ્ઞાનજ વ્યાપ્યું, ટળી તે મુખ
સાચો ધણી શોધ્યોરે, મણીરામ કોધી થઇ

પદ.

રામ રામ લેના ભાઇ,
સજન ગ્યાની,રામ રામ લેના ભાઈ ટેક.
માફ તે કરોયો બોલ્યાં ચાલ્યા,
અત્રથી અમેરી આજે આઇ. સજ૦ ૧
અંજળ દાના હોતા હમેરા,
વાં તિલક માયા મીલાઇ. સજ૦ ૨
નથી નાવકા સંજોગ મીલાયા,
અબાહો જાતિ જુદાઇ. સજ૦ ૩
હમ પંછી પરદેશી મુસાફર,
માલે એક નાવ માંહી. સજ૦ ૪
દેખો કલ કુછ હે ભાઇ હમારા,
વાં રહેનેકા કુચ નાંહીં સજ૦ ૫
કોસીકુ હે. કલ કુચ કરના,
સબહે મુસાફર સાંથ. સજ૦ ૬
મોથ્યા મોહજાલમાં મત ડુબો,
સબકુ મીલના એક ઠાંઇ. સજ૦ ૭
જેસા કરોગે એસા પાવોગે,
ઇસમે સંસાય નહીં કાંઇ. સજ૦ ૮
દે પદસેં સબ આયે મુસાફર,
સ્મરણ ચિત ચહાઇ સજ૦ ૯
વાં સભા જીનકુ,

રહ્યા જગતમેં ભટકાઇ. સજન૦ ૧૦
સત સંગતકી વોરતા કીની,
મીલે ચતરભુજ ચહાઇ સજન૦ ૧૧
બચન ધરો મનીરામકા રૂદેમાં,
બા લો મુખસે જદુરાઇ. સજન૦ ૧૨

अथ निरांजनी.

जे नव दूर्गा देवि मा० जे नव दूर्गा देवि
सुर मूनि कर स्तूति, त्रि मूर्ति शेवि जे नव० टेक
मधू कैटव संघारणि, तु इच्छा शक्ति मा०
श्वयमे रूप धरो मंमाया, भक्तनां विरक्ति जे नव १
प्रथम पूत्रि शैल, शेवो मातांगि मा०
सूर मूनि शर्णागत, जमिया उमंगि जे नव
ब्रह्मा विष्णुं रूद्र, त्रि मूत शर्णे मा०
आदि मध्ये अंत्ये, दास तुज चर्णे जे
द्वितीये अरी मदन, सूर शरणागत पालक
महा मुनीवर दायिनी, अपरमां बालक

ब्रह्मा भगवती तू:, ए ब्रह्म चारिणि मा०
षट् त्रिश कवच अंगे, आयुधधारिणि हे नव ५
त्रितिये श्रीभोवन, त्रिपुरा तु व्यापी मा०
त्रयाक्षर त्रिगुणी, त्रिपदा थापी हे नव ६
नाम निरुपण मात, चंद्र घंटा देवि मा०
मोक्षारथनुं साधन, शक्ति रुपो शेवि हे नव ७
कुष्मांडा कही मात, कल्याण कारिणि मा०
कलिमल दुष्ट विनाशन, धर्म धारिणि हे नव ८
चतुर्थ चतुस्पद, बिजाक्षर बाळी मा०
चंड मुंड वधुंनि, कुष्मांडा काळी हे नव ९
खड्ग शूळ दंडिनी, चाप परिघ धारी मा०
अरी मर्दन सुर वंदन, शक्ति सुखकारी हे नव १०
पंचमीये स्कंध मात, शिवप्रिया देवि मा०
भगवती वत्सळ, सुरपति शेवि हे नव ११
...नि कलिकाळ, महिषासुर मार्यो मा०
...रतापे, सुरथ नृप तार्यो हे नव १२
...र्वांग, देवि छो दाता मा०
...क, शक्ति छो दाता हे नव १३

सप्तमी सप्त द्विप, नव खंडे व्यापी मा०
विष्णु विरंची माया काळ रात्री स्थापी   जे नव १४
गुण सागर गंभिर, देवि महा गौरि मा०
यंत्र मंत्र उपाशिक, काळीका कौळी   जे नव १५
सिद्धि दायक दातार, जो इच्छा शक्ति मा०
कर संपूट करी वंदु, मणिराम विरचित.   जे नव १६
नव दुर्गानी आरति, जो कोइ गाशे मा०
सुख संपतने पापे, कलीमल सौ जाशे   जे नव १७

સમાપ્ત.

આશ્રય આપનાર ગ્રાહકોના નામ.

નંકલ નામ ૧.

સીધપુર.

૧૭૫ પંડયા૦ પ્રહ્લાદ મુલેશ્વર. ઠે૦ ઉપલી શેરી

૧ મરેઠા ગોવિંદરાવ મલ્હાર. ઠે૦ બ્રહ્મપોળ

૧ ઠા૦ નરોતમભાઇ મુલેશ્વર ઠે૦ છઠાપદના માઢમાં

૧ આચારજ મંગળભાઇ દલસુખરામ ઠે૦ બ્રાહ્મણીયાપોળ

૧ શેઠ૦ હરીવલભ મુળચંદ ઠે૦ લાલડોશીની પોળ

૧ પારેખ૦ પ્રલ્હાદજી નરભેરામ ઠે૦ ગોલવાડ

૧ રાવળ૦ પ્રહ્લાદજીભાઇ શેવકરામ પેટલાદ ફૂ૦ માજીસ્ત્રેટ

૨ ભટ૦ રણછોડભાઇ વલભરામ ઠે૦ ભટના માહાડમાં

૧ વઇદ૦ મુલેશ્વર કાશીરામ ઠે૦ છઠાપદના માઢમાં

૧ પંડયા૦ રામશંકર મહાશંકર ઠે૦ ખીલાતરવાડમાં

૨ વકીલ૦ ગણપતરામ અંબાશંકર

૧ પારેખ૦ મોતીરામ હરજીવનદાસ

૧ ભટ૦ માધવલાલ દયાશંકર ઠે૦ ભટોના મ'

૧ ઠા૦ પ્રભાશંકર મુલેશ્વર ઠે૦ લાલડોશીની

૧ સોની૦ વલભરામ મનસુખરામ ઠે૦

૧ ઠા૦ ઉમીયાશંકર ઉગરા ઠે૦ પટ

નકલ　　　　　　　નામ

૧ પંડયા ખુશાલભાઇ ભવાનીશંકર ઠે૦ વેવરવાડાના માડમ
૧ ડોશી૦ મગન રાયચંદ ઠે૦ નીશાળ ચકલે
૧ શોની૦ ગોપાલ રણછોડ ઠે૦ ગોલવાડમાં
૧ ઠા૦ છગનલાલ લક્ષમીરામ ઠે૦ પટલોકના માડમાં
૧ ઠા૦ ભજગોવીંદ તુલજારામ ઠે૦ પટલોકના માડમાં
૧ શુકલ૦ શંકરલાલ પરભુરામ ઠે૦ ગોલવાડમાં
૧ પંડયા લલુભાઇ પુંજારામ ઠે૦ ખીલાતર વાડામાં
૧ રાવળ૦ નાનુભાઇ બહેચરદાસ ઠે૦ કોઠારી વાડમાં
૧ ઠા૦ પ્રલાદભાઇ મુલેશ્વર ઠે૦ પટલોકના માડમાં
૧ દવે૦ ભુદરભાઇ પ્રાણનાથ ઠે૦ ખારવાડાના માડમાં
૧ દવે પ્રભાશંકર દેવશંકર ઠે. વેહવાડાના માડમાં
૧ કુબેર ગણપતરામ જેસળ મુ૦ શીધપુર સચેરો
૧ ભટ લલુભાઇ ગોવરધન ઠે૦ ઉપલીશેરી
૧ પંડયા ચુનીલાલ મગનલાલ ઠે૦ નીશાળ ચકલે
ઠા૦ ત્રીભોવન મોતીરામ ઠે૦ કોઠારો વાડમાં
…ંકરાચાર્યના કારભારી છોટાલાલ સદાશંકર
…૦ ગીરજાશંકર લલુભાઈ ઠે૦ ગોલવાડ
… શેવકરામ શાંકલેશ્વર ઠે૦ ખારવાડાનો કુઇ ઉપર
પ્રહ્લાદ લલુભાઈ ઠે૦ પટલોકના માડમાં
…લાલ છગનલાલ ઠે૦ પટલોકના માડમાં
…ણપતરામ ઠે૦ પટલોકના માડમાં

નકલ	નામ
૧	સુકલ નંદલાલ નારણજી ઠે૦ સ્ટેસન માસ્તર
૧	ઠા૦ જેઠારામ લજ્યારામ ઠે૦ ઘોરીપોળમાં
૧	ઠા૦ પ્રેમસુખ મુલેશ્વર ઠે૦ પટલોકના માડમાં
૧	વકીલ જમનાદાસ પ્રભુદાસ ઠે૦ ખારવાડાના માડમાં
૧	પાઘ્યા૦ માણેકલાલ તથા મોહન ઠે૦ ખારવાડમાં
૧	પંડયા ચુનીલાલ રણછોડ નાકાદાર
૧	સેઠ૦ જીવરામ મુળચંદ મંદીઆગળ
૧	આચારજ૦ રૂપા સાંકળા ઠે૦ ઉપલી શેરી
૧	શેઠ૦ નારણદાસ બહેચેર ઠે૦ ઉપલીશેરી
૧	પંડયા૦ નાથુભાઇ ગણપતરામ ઠે૦ ખીલાતરવાડામાં
૧	ઠા૦ લલુભાઈ વલભરામ ખીલાતર વાડામાં
૧	જોશી૦ નારાયણ સુરજરામ ઠે૦ ડેરીયાવાડામાં
૧	આચારજ૦ અંબાશંકર નરભેરામ ઠે૦ ઉપલી શેરી
૧	રાવળ૦ છોટાલાલ હરીરામ ઠે૦ રામાજી મંદીરમાં
૧	તરભોવનભાઇ જગનનાથ ઠે૦ ખારવાડાના માડમાં
૧	દવે નારાયણ લક્ષમીરામ ઠે૦ ખારપાડાની બારી
૧	સુકલ૦ ભીખાભાઇ મુલેશ્વર ઠે૦ ખીલાતર વા૦
૧	ગીરજાશંકર ઠે૦ પટલોકના માડમાં
૧	વાસ૦ છગનલાલ મુગટરામ કન્યાસાળ
૧૦	ઠા૦ દુર્ગાશંકર શીવશંકર ઠે૦ પટ[illegible]

નકલ	નામ
૧	રાવળ૦ ઉમીયાશંકર પ્રલ્હાદ ઠે૦ ખારવાડામાં
૧	પાધ્યા ઉમીયાશંકર વલભરામ ઠે૦ કોઠારી વાડમાં
	વિશનગર
૧	મહેતાજી૦ પ્રાણુલાલ સુમખરામ કન્યાશાળાના માસ્તર
૧	સોની૦ સાંકળચંદ રામચંદ ઠે૦ ગોલવાડ
૧	લવાર૦ જેચંદ સાંકળચંદ
	પાલનપુર
૧	દાકટર૦ વિશ્નુરાય શાવરામ કંપાઉન્ડર
	અમદાવાદ
૧	વાસ૦ લલુભાઈ હરગોવન ઠે૦ ઢાળનીપોળ
૧	પંડ્યા૦ મોતીલાલ પરભાશંકર
૧	વઇદ૦ બાપાલાલ હરીશંકર ગુશાપારેખનીપોળ
	વડોદરા
૫	વાસ૦ છોટાલાલ મુળશંકર અમદાવાદીપોળમાં
૧	ભટ૦ બાળકૃષ્ણ પ્રાણશંકર બુરાનપરામાં
૧૦	રણછોડ મોતીરામ બુકસેલર
	પાટણ
	સાંકલેશ્વર કેસવરામ ઠે૦ ખરવાવાડ
	વડનગર
	...ભીલદાસ નાકાદાર
	...ામ મનસુખરામ બળદેવજીના પુજારી